॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૬૦, ઓગસ્ટ–૨૦૨૪, રૂા. ૫.૦૦/–

સંવત ૨૦૮૦ આષાઢ સુદ – ૨ કચ્છી નૂતન વર્ષારંભે ભુજ પ્રસાદી મંદિર શ્રી ઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ ઉપક્રમે આયોજિત ભવ્ય રથયાત્રાનો પ્રારંભ કરાવતા ભુજ મંદિરના મહંત સ્વામી તથા અન્ય સંતો સાથે રાજકીય તેમજ અન્ય ગણ્ય માન્ય વ્યક્તિ વિશેષો. ભુજ





॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૬ ઓગસ્ટ-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૧ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૬ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૮ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

ઓગષ્ટ મહિનામાં શ્રાવણ પથરાયો ને ઈન્દ્રદેવની આકાશી વૃષ્ટિની ભરમાર અને જનજીવન માટે આનંદ વિભોર કરતા, સુંદરતમ શણગારોને વસ્ત્રો પહેરી ઉત્સવો ઊજવવાની મજા કાંઈ અનોખી છે.

''શ્રાવણ ગાજે, ભાદરવો વરસે, પવન ચલે પૂરવાહી રે...। ધગધગતી ધરાને તૃપ્ત કરવા, મેઘાની પધારે સવારી રે...।।''

આ સમયે આકાશમાં ઘટાટોપ વાદળો ગરજતા હોય, વીજળી સબાકા મારતી હોય, ધારાધાર અમીવૃષ્ટિ થતી હોય ત્યારે પશુઓનું ભાંભરવું, પક્ષીઓનો ચહચહાટ તથા ભીની ભીની માટીની અનોખી સુગંધ વિદેશી કેમિકલવાળા **PERTUNES** ને પણ હરાવી દે...!

ભુજની વાત યાદ કરીએ ને ઈતિહાસ વદે છે, વિરાટ ભુજંગ નાગનો દેહ ગારૂડીએ જ્યાં પાડ્યો તે ડુંગર ભુજીયો કહેવાયો ને આ શહેર ભુજના નામે ખ્યાતનામ થયો.

આવી અદ્‌ભુત ઋતુમાં પણ ભુજના શ્રીસ્વામિનારાયણ મંદિરના મંદિરની પાસેજ ખ્યાતનામ સરોવર સમા હમીરસર તળાવમાં ઉભરાતી ગંદકીને સફાઈ, સ્વચ્છતા ને સુંદરતામાં પલટી નાખવાનો અદ્‌ભુત કાર્યક્રમ શરૂ કર્યો ને તેમની જ નિગરાની હેઠળ તળાવને તળિયા જાટક સફાઈ કરાવી નાખી.

વર્ષો પહેલાં આ જ હમીરસર જ્યારે સૂકું ભઠ્ઠ હતું ત્યારે ભુજ મંદિર દ્વારા ખાણેત્રું કરાવવાની સેવા કરેલ. જ્યારે સેવાની આવશ્યકતા ઉભી થઈ ત્યારે સરકાર સાથે રહી ભુજ મંદિરે સેવા ધર્મ બજાવ્યો છે.

સનાતન ધર્મ અને શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનો વ્યક્તિ, કૌટુંબિક, સામાજિક અને સાર્વજનિક સફાઈને જ ધર્માદેશ માની સદાય સફાઈ ઝુંબેશ ચલાવ્યા જ કરે છે.

આ જ સમયમાં ભારત દેશનો સ્વાતંત્ર્ય દિન પણ ઉજવાય છે, શ્રાવણી પૂર્ણિમાના મુકુટોત્સવ તથા બળેવ અને રક્ષાબંધન પણ ખરાં, નાગપાંચમ, રાધંણ છઠ્ઠમાં બહેનોનું વર્ચસ્વ પણ ખરું, જગદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનો સંવત-૧૭૯૫ માં થયેલ જન્મોત્સવ ભુજ મંદિરમાં જન્માષ્ટમી સાથે ધામધૂમથી ઉજવાય છે.

''અમી છાંટણામાં છબછબિયાં કરે ! ઉત્સવોમાં શહેરમાં સરગસે ફરો;
પ્રભુએ આનંદનું બીલ નથી રાખ્યું ! ઊઠો, જાગો ભીતરને રોમેરોમ પલાળો. ''

જય શ્રીસ્વામિનારાયણ........

# શિક્ષાપત્રી શ્લોક -૮૩

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી'

**કર્તવ્યા દ્વારિકા મુખ્ય તીર્થયાત્રા યથાવિધિ ।**
**સર્વૈરપિ યથાશક્તિ ભાવ્યં દીનેષુ વત્સલૈઃ ॥**

''મારા સર્વે આશ્રિતો હોય તેમણે, દ્વારિકા આદિક તીર્થોની યાત્રા પોતાના સામર્થ્ય પ્રમાણે અને



શાસ્ત્રના વિધિ પ્રમાણે કરવી. અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનોને વિષે દયાવાન થવું.''

પૂ.પાદ શ્રીશતાનંદ સ્વામીએ આ ૮૩ માં શ્લોકની વિષદ વ્યવહારોપયોગી અને આદર્શ માર્ગદર્શક વ્યાખ્યા સર્વે તીર્થયાત્રીઓ માટે કરી છે. જોકે મુદાસર તો ખરી જ પણ સર્વાંગી માર્ગદર્શનની હારમાળા આપણે સૌ આત્મોદ્ધાર માટે ફેરવીએ.

આજે સદીઓથી સનાતનધર્મીઓ માટે બે હજાર વર્ષોથી ઘુસી આવેલા વિધર્મીઓએ તીર્થયાત્રાના મૂળભૂત સ્વરૂપને જ ધૂળચાટતો કરી નાખ્યો હોવાથી શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આ શ્લોક દ્વારા સૌ સનાતન પ્રેમીઓ તેમજ સંપ્રદાય પ્રેમીઓની નિષ્ઠા ફરી પાછી અસલ સ્વરૂપમાં જાગે તેવી રૂડી વાતો કરી છે. ભારતભરમાં અનેક જગ્યાએ નવરાત્રી ઇત્યાદિક ધર્મોત્સવો પ્રસંગો આજે જે પદયાત્રાઓ નીકળે છે તેમણે પણ આજ વિચારને ગ્રામ્ય સ્વરૂપે અકબંધ રાખ્યો છે.

**"ભારતના તીર્થધામોને દુર્જનોએ**
**સદીઓથી ભ્રષ્ટ કર્યે રાખ્યાં...!**
**ભકતોને હવે તીર્થોને મુકત કરવાનો**
**યોગ્ય સમય શ્રીહરિએ હાથવગો કર્યો છે."**

'તીર્થયાત્રા' કોઈ પર્યટન, પરિભ્રમણ, ભાગંભાગ, હાંફલહુંફલ કરી 'ગીનીસ બૂક ઓફ વર્લ્ડ રેકર્ડ' માં લખાવવાની હૂંસાતૂંસી ભરી ચડસાઈ નથી..!'

'તીર્થયાત્રા' તો છે ઈશ્વર પ્રાપ્તિ અને મોક્ષગામી થવા માટે માનવને મળેલો લાખો ભવાટવી બાદનો અનેરો અવસર.

તીર્થયાત્રા તો માયાવી સંસાર મુક્તિ માટેનું અને હવે પછી મળનારા નવજીવનનું નાનકડું ટ્રેલર...! મૂળ ચલચિત્ર ટોકીઝમાં પડદા પર જોવા મળે તેની નાનકડી આકર્ષક ટ્રેલર દ્વારા રજૂઆત....! જેમ મંદિરના પ્રભુપ્રસાદમાં પ્રભુકૃપા સમાયેલી હોય છે તેમ આવી તીર્થયાત્રામાં પણ દિવ્યભાવની પ્રભુકૃપા સમાયેલી છે.

'તીર્થયાત્રા' અંગે આદરણીય અને અનુભવી સંતોના અનુભવી બોધ વચનો કહે છે કે તેથી ભક્તોનું અંતઃકરણ પણ શુદ્ધ થાય છે અને તીર્થયાત્રા ભવસાગર પણ તારે છે.

ભરતખંડમાં આદિકાળથી ચાલી આવતી આ તીર્થયાત્રા માનવની વૃત્તિઓને સાંસારિકતાથી ક્રમશઃ મુક્તિ અપાવી આધ્યાત્મિક ધોરીમાર્ગ તરફ વળાંક અપાવે છે. 'તીર્થયાત્રા' જમણી તરફ લીલું તીર તાકતું સિગ્નલ છે...!

તોયે કલિયુગી બુદ્ધિજીવીઓ પૂછે પણ ખરા કે 'તીર્થયાત્રા'નું આટલું મહત્ત્વ શા માટે છે ? તો ચાલો સત્યની પરમ સાત્યતાને પણ જાણી લઈએ.

તીર્થયાત્રામાટે સુપ્રસિદ્ધ થયેલ ભૂમિ પર સર્વત્ર અવતારી પ્રભુના એકાંતિક ભક્તો સાથેના ઘનિષ્ઠ સંબંધો જોડાયેલા છે. ભારત દેશમાં ચોતરફ પ્રભુ અવતર્યા છે. અને તેમના દિવ્ય ચરણકમળોનાં સ્પર્શથી રજકણો, ધૂળકણો, પાણી, વાયુ, અગ્નિ તથા સમગ્ર વનસ્પતિઓ શુદ્ધ અને દેદિપ્યમાન થયેલાં છે.

'ભરતખંડ' નામ પડ્યું એ ભૂમિ પર ભરતની માતા 'શંકુતલા' એટલી તો ભાવુક જગતમાં શ્રેષ્ઠતાએ પહોંચી ગઈ હતી કે તે જ્યાં કણ્વઋષિના આશ્રમમાં રહેતી હતી ત્યાંની તમામ વન્સપતિ, વેલીઓ, છોડો અને ઝાડ સર્વે તે જ્યારે તેમને બધીને છોડીને તેના પતિ રાજા દુષ્યંતને મળવા પ્રયાણ કરતી હતી ત્યારે આ સર્વે તેમની ભાષા અને લાગણી પ્રવાહમાં ભાવુક થઈ દળદળ આંસુઓ સારતા હતા. એકાંતિકતા તેની પરાકાષ્ઠાએ પ્રેમ અને આંસુડાનો દરિયો વહાવતી હોય છે. ભારતના મહાકવિ કાલિદાસે તેમના સંસ્કૃત નાટક **'અભિજ્ઞાન શાંકુતલમ્'** માં આ પ્રસંગનું આબેહૂબ વર્ણન કર્યુ છે. અને જયારે કોઇ ભારતીય દુર્ભાસીયાએ આ નાટક જર્મનીના મહાકવિ 'ગેથે' ને ભાષાંતર કરી સમજાવ્યું ત્યારે ગેથે પણ ભાવુકતાની પરાકાષ્ટામાં નાટય ગ્રંથને માથે મૂકી કલાકો સુધી નૃત્ય કરતા રહ્યા આ ઈતિહાસ વિદિત છે.

છપૈયા, અયોધ્યા, મથુરા, વૃંદાવનમાં ભગવાન શ્રીરામ તથા શ્રીકૃષ્ણની દિવ્ય લીલાઓ કણકણમાં ઓતપ્રોત છે. આવી ભૂમિનું દર્શન, પ્રમાણ, પરિભ્રમણ, વિચરણ, સર્વાંગી સ્વરૂપે પગપાળા જ કરવું જેથી સર્વે ભાવો આપણા પાર્થીવ દેહમાં ઊંડા ઉતરે.! શું આવા માનવ યોનીમાં મળતા દિવ્યાતિ દિવ્ય અનુભવો 'હેલિકોપ્ટર', ડ્રોન, 'વિમાન' કે 'રોકેટ'ના વિહંગાલોકનથી થઈ શકે ખરા.! માટે સર્વ પ્રથમ અને અસલ્લ તીર્થયાત્રા તો પગપાળા પદયાત્રા જે તીર્થયાત્રા હોઈ શકે.!

"કયા કરેં જમાના બદલ ગયા..! ઈશ્વર વહી, શાસ્ત્ર વહી હૈં; દિમાગી સોચ મેં ફર્ક આ ગયા.!"

વેદવાણી વદે ઈશ્વરે સૌ પ્રથમ 'નારી' શક્તિને જ જન્મ આપેલો છે. ને ત્યારબાદ 'નર'.! આવી નારીઓની સર્જકતાને મદાંધ કંસે સોળ હજાર એકસો આઠને કેદમાં રાખી હતી.! જ્યારે કંસ હણાયો અને નાનકડા કાન્હાએ સૌને આઝાદ કર્યા ત્યારે આ બંધક નારીઓએ શ્રીકૃષ્ણને તેમની વ્યથા કહી. પૂછ્યું હવે અમારું કોણ ? અમે ક્યાં જઇએ ? અમને કોણ સ્વીકારશે ?

**"સર્જનહારીની કથાવ્યથાને,**
**કાન્હાએ સ્વયં અપનાવી.**
**સાંસારિક ટોણાંમેણાંથી,**
**મુક્તી અપાવી દૈવી બનાવી."**

આવી પરમાત્માની પાંચ હજાર વર્ષો પહેલાંની અકલ્પનીય લીલાની યાત્રા જ નવજીવન બક્ષે.

ભગવાન શ્રીસહજાનંદ સ્વામીએ ધર્મકૂળની સાથે સચ્ચિદાનંદ સ્વામીને દ્વારિકાની યાત્રાએ મોકલ્યા. સ્વામી પાસે નાણું નહોતું તેથી ત્યાંના સ્વાર્થી ને પેટભરા મંદિરના સેવકોએ સચ્ચિદાનંદ સ્વામીને દર્શન કરવા ન દીધા.! તો તેઓ નિર્જલા ઉપવાસ બેસી ગયા અને સાત દી બાદ પ્રભુએ તેમને સાક્ષાત દર્શન દીધા.! સ્વામીનો તો ભવ સુધર્યો પરંતુ તે સેવકોનું શું થયું હશે.?

જૂનાગઢના એકાંતિક ભક્ત નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી, દીકરી પરણાવી અને ગોપીઓની સાથે રાસલીલા બતાવી ત્યારે મશાલ હાથમાં લઈ જોતા મહેતાનો હાથ પણ મશાલ સાથે સળગી ગયો.! આવી તીર્થયાત્રા હેલિકોપ્ટરથી દેખાય ખરી. ?

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સ્વયં દ્વારિકાધીશનું મુખ્યપણું સ્વીકાર્યું છે, અને સાથે સાથે એ પણ સ્વીકાર્યું છે કે તેથી અન્ય ગ્રંથોનું ગૌણપણું સમજવાનું નથી.

શાસ્ત્રોક્ત આજ્ઞા પ્રમાણે તીર્થયાત્રાનાં રીતિરિવાજ પદ્ધતિ અને આચરણની પ્રક્રિયા પણ ખૂબજ રસપ્રદ છે. સત્સંગીઓએ આ શ્લોકમાંથી તે જાણવી ઉપયુક્ત થશે. બાકી તો.......

**"જિન ઢૂંઢા તિન પાઇયાં ગહરે પાની મેં પૈઠ, મૈ બૌરી ડૂબન ડરી રહી કીનારે બૈઠ."**

# હે યુવાનો !!

- સ્વામી રામાનુજદાસજી

હે યુવાનો ! તમારામાં રહેલી અગાધ શક્તિને જાણો. તમારી ધગશને કામે લગાડી સત્સંગમાં સુંદર પરિણામ લાવવા માટે કટીબદ્ધ થાઓ. જેમનામાં જે કળા હોય, કાર્ય કરવાની ક્ષમતા હોય તે વિષયમાં આગળ વધો. દરેકે પોતાની બુદ્ધિ શક્તિ અને કાર્ય શક્તિને વિકસાવવા પ્રયાસો કરવાં જોઇએ. વડીલોએ પણ યુવાનોની અંદર રહેલી અગાધ શક્તિને જાણી કાર્યશીલ અને રચનાત્મક માર્ગે વાળવા પ્રયત્નો કરવા જોઇએ. પોતાની દૃષ્ટિને જોવા કરતા સમય અને સંજોગને લઈને યુવાનોની દૃષ્ટિએ પણ જોવું જોઇએ. યુવાનોએ પણ જીવનમાં આવતા સંજોગોપર ધ્યાન કેન્દ્રિત કરી તેમાં સફળતાની આવડતની શોધ કરવી જોઇએ.

જીવનમાં આવતા સંઘર્ષોને જોઈ બેસી રહે તે યુવાન કાયર છે. યુવામાનસ અને એમાં પણ સિદ્ધિ મેળવવા મથતા યુવાને તો સંઘર્ષો વચ્ચે પણ પોતાની કાર્ય શક્તિને કેળવી નવા લક્ષોને મેળવવા કટીબદ્ધ બનવું જોઇએ. કારણ કે યુવાનો આપણા સત્સંગનું ભવિષ્ય છે. પાછળ બાળકો છે. ખરેખર યુવાનો જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે.

યુવક મંડળમાં આગળ રહીને કાર્ય કરતા યુવાનો અને વડીલોએ સત્સંગમાં આવતા દરેક નાના મોટા, ભણેલ, અભણ, ગરીબ, તવંગર સર્વેને મળીને મનથી સ્વીકારીને તેમને યોગ્ય પ્રવૃત્તિ આપવી જોઇએ. બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિ જગાડવા બાળમંડળમાં જવાબદારી સોંપો. પણ કોઇના જોડે સરખામણી ન કરશો.

શ્રીજીમહારાજે પ્રથમના છઠ્ઠા વચનામૃતમાં કહ્યા પ્રમાણે સત્સંગમાં જે વિવેકી હોય તેમણે પોતે પોતાના ગુણ ન જોતા બીજાના ગુણોને જોઇને પોતાના અવગુણ સામું જોવું જોઇએ તે સિદ્ધાંત પ્રમાણે દરેક યુવાનોમાં રહેલી ખરેખર વાસ્તવિકતાને શોધી કાઢવી પડશે.

વાસ્તવિકતા એટલે બીજમાં રહેલું વૃક્ષ કળીઓમાં રહેલ ફૂલો અને સાંજમાં રહેલી સવાર. એ પ્રમાણે જેમ નાના બીજમાં પણ મોટા વૃક્ષ રહેલાં છે. અને બગીચામાં ફૂલછોડ પણ ખીલવા માટે થનગની રહેલી કળીઓમાં જેમ મોગરા, જુઇ, ચમેલી જેવા સુગંધીમાન ફૂલો રહેલાં છે. અને સાંજે સંધ્યાટાણે આથમતા સૂર્યની માથે ઢળતી સાંજ જેમાં મનોહર સવાર છુપાયેલી છે. તેમ વિશ્વની દરેક વ્યક્તિમાં કાંઇ ને કાંઇ રચનાત્મક શક્તિ છુપાયેલી હોય છે, તેને બહાર લાવવી જોઈએ. કારણ કે, વડીલો આજે જે છે, તે છે કેમ કે એક દિવસ વડીલો પણ બાળક તરીકે પરાધીન હતા, દરેક મનુષ્ય એની વિચાર સૃષ્ટિની શરૂઆત પણ ૧૮ થી ૨૫ વર્ષની યુવા અવસ્થામાં જ થાય છે. અને જીવનના, વિકાસના, વિચારોનું સર્જન કરી શકે છે. જે એક દિવસ વાસ્તવિકરૂપે સત્સંગ સમાજને મળી રહે છે. તે માટે બાળકોને દરેક અઠવાડીયે એના માટેનું ભાતુ મળી રહે અને બાળક પોતાના જીવનનું ઘડતર કરી શકે એક રચનાત્મક વ્યક્તિ તરીકે બહાર આવી શકે તે માટે આપણા ગામમાં કે એરિયામાં બાળ-યુવા પ્રવૃત્તિ કેન્દ્ર ચાલતું હોય ત્યાં અવશ્ય લઈ જવા જોઇએ, અને માતાપિતાએ સ્વયં જવું જોઇએ.

અત્યારની વિષમ પરિસ્થિતિથી બચવા એક બાલ-બાલિકા, યુવક-યુવતી મંડળની સભાઓ અને મંદિરોમાં ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓમાં સામેલ થવું જરૂરી બની ગયેલ છે.

માતાપિતા અત્યારે બાળકો માટે સમય કાઢશે તો બાળકો માતાપિતા માટે સમય કાઢશે.

જય શ્રીસ્વામિનારાયણ.....

# "સંસાર શું સરસો રહે પણ મન મારી પાસ !"

- અતુલ પોથીવાલા - અમદાવાદ

બંધિયા ગામના ડોસાભાઈ વણિક વેપારી હતા. ગોળનો મોટો કારોબાર કરે. ગામેગામથી દુકાનમાં ગોળનાં ગાડાં આવે, ગાડાંની લાંબી લાઈન લાગી જાય. ડોસાભાઈ ગોળ ઉતરાવી, જોખાવી, વખારોમાં ભરાવે. કોનો માલ કયારે આવ્યો, કેટલો આવ્યો, કોણ લાવ્યું એ બધી નોંધ રાખે. મોડી રાત સુધી કામ ચાલે.

ડોસાભાઈ બહારથી જાણે ગોળના વેપારમાં ગળાડૂબ હોય એમ દેખાય પરંતુ એમનો માંહ્યલો તો શ્રીજીમહારાજની મૂર્તિ સાથે જ જોડાયેલો હોય. મહારાજના એ પરમ સત્સંગી. આજ્ઞા ઊપાસના શિર સાટે પાળે. એમની સાથેના બીજા મહાજનોને લાગે 'ડોસાભાઈ મહારાજને બનાવે છે. એમને ધંધો વહાલો છે. એવા મહારાજ વહાલા નથી. જુઓને આખો દિ' ધંધામાં એવા ડૂબેલા રહે છે કે મહારાજને ઘડી યે યાદ કરતા નથી!'

બન્યું એવું કે આ વેપારીઓને એકવાર ગઢડે થઈને ક્યાંક લગ્નમાં જવાનું થયું. મહારાજ એ વખતે ગઢડે વિરાજતા હતા. એટલે આમને થયું કે, "ગઢડા આવ્યા છીએ તો ચાલોને મહારાજના દર્શન કરતાં જઈએ."

બધા મહારાજનાં દર્શન કરવા આવ્યા. દંડવત્ કર્યા. મહારાજે એમને આવકાર આપીને બોલાવ્યા અને પુછ્યું, "અમારા ડોસાભાઈનાં શા ખબર છે ? અમને કેવા યાદ કરે છે ?" મહારાજને એમના એક એક ભક્તજન ઉપર અપાર પ્રેમ. પ્રસંગ આવે યાદ કરીને એમનાં ખબર અંતર પૂછી લે. મહારાજે ડોસાભાઈના સમાચાર પૂછ્યા એટલે આ વેપારી મહાજનોને ઘણું હસવું આવી ગયું. ઘણાં વખતથી ડોસાભાઈ પ્રત્યે તેમનાં મનમાં કંઈક ઈર્ષ્યા તો હતી જ તે તરત જ બહાર આવી.

"મહારાજ! એ તો એમનાં ધંધાને યાદ કરે કે તમને યાદ કરે! રાત ને દિવસ ધંધામાં એવા ડૂબેલા રહે છે કે આપનું નામ લેવાનો યે એમને વખત નથી!"

મહારાજ મર્માળુ હસ્યા. એમણે તરત જ જણાવી દીધું કે, "તમે ડોસાભાઈને નથી ઓળખતા એટલા અમો ઓળખીએ છીએ" હજુ પણ વેપારી મહાજનો ભાવ સમજી શક્યા નહિ, તેઓ તો મહારાજના જવાબની રાહ જોતા હતા. છેવટે મહારાજ બોલ્યા, "ડોસાભાઈને તમે નથી ઓળખતા, સાપ કાંચળી ઉતારે તેમ એ બધી માયા છોડીને હાલતા થઈ જાય એવા છે!"

વાત સાંભળી વેપારીઓ તો હસી પડ્યા, જાણે મહારાજને પડકાર કરતા હોય એમ બોલ્યા 'એ વાતમાં કંઈ માલ નહિં' હવે મહારાજે પણ ધીરગંભીર સ્વરે કહ્યું "બોલો, ડોસાભાઈ ઘરબાર, માલ-મિલ્કત બધું છોડી સાધુ થઈ જાય તો પછી તમે બધા માનશો ને ?"

સીધો જ પડકાર. મહારાજે એકાએક પોતાની પ્રતિષ્ઠા જાણે હોડમાં મૂકી દીધી. આ પડકારથી વેપારીઓ થોડા ડઘાઈ તો ગયા પણ એમને ગળા સુધી ખાતરી હતી કે ધીકતો ધંધો મૂકીને ડોસાભાઈ કંઈ સાધુ થાય નહિં. એટલે સર્વે એક જ અવાજે બોલી ઉઠ્યા "કબૂલ મહારાજ !"

મહારાજે કહ્યું, "ઠીક તો અત્યારે તમે જયાં જવા નીકળ્યા છો ત્યાં જાઓ ને વળતા પાછા અહીં આવી જાજો."

મહારાજને પગે લાગીને બધા વિદાય થયા. આ બાજુ મહારાજે બે પાર્ષદોને બોલાવી એક પત્ર લખીને તેમના હાથમાં આપ્યો. સાથે એક કપડાંની પોટલી પણ આપી અને કહ્યું, "બંધિયા જઈ આ પત્ર ડોસાભાઈને હાથમાં આપજો અને આ પોટલી પણ આપજો અને કદાચ ડોસાભાઈ બે દિવસ રોકાવાનું કહે તો રોકાજો."

પાર્ષદો કાગળ લઈને ઉપડ્યા. બંધિયા આવી ડોસાભાઈને મળ્યા. એ વખતે ડોસાભાઈ ગોળનાં ગાડાં ખાલી કરાવતા હતા અને જોખાવતા હતા.

પાર્ષદોને જોઇને ડોસાભાઇએ એમને પ્રણામ કરી "જય સ્વામિનારાયણ" કહ્યા અને મહારાજની આજ્ઞા પૂછી. એમણે મહારાજનો પત્ર ડોસાભાઇના હાથમાં મૂક્યો ને મહારાજે મોકલેલી કપડાંની પોટલી પણ સામે મૂકી.

ડોસાભાઇએ પત્ર ખોલીને વાંચ્યો એમાં મહારાજે લખ્યું હતું, "સંન્યાસ લઇ ગઢડા આવી અમને મળો, બે દિવસની મુદ્દત આપું છું. આ સાથે અલ્ફી મોકલું છું."

અને તે જ વખતે ડોસાભાઇએ કામ પડતું મૂકીને વાળંદને બોલાવી માથું મૂછ મૂંડાવી નાંખ્યા. પછી સ્નાન કરી મહારાજે મોકલેલી અલ્ફી પહેરી સાધુ બની ગયા ! પાર્ષદોને કહે, "ચાલો નીકળીએ."

પાર્ષદોએ કહ્યું, "ઘર, પેઢીની કોઇને સોંપણી નથી કરવી ? મહારાજે અમને બે દિવસ રોકાવાનું કહ્યું છે."

"બધું મહારાજે સંભાળ્યું પછી મારે કંઇજ કરવાનું રહેતું નથી. હું તો એટલું જ જાણું કે મહારાજની આજ્ઞા છે એટલે બસ મારે સાધુ બની ને ગઢડે જવાનું છે.!"

પાર્ષદો પણ ડોસાભાઇની આ નિસ્પૃહતા જોઇને નવાઇ પામી ગયા. તે જ દિવસે ત્રણેય ગઢડા જવા નીકળ્યા ને બે દિવસમાં ત્યાં આવી પહોંચ્યા.

ડોસાભાઇને પરમહંસના પોશાકમાં જોઇ મહારાજ અત્યંત રાજી થયા. પોતાની આજ્ઞાનું પાલન થયું એટલા માટે નહિ પરંતુ ડોસાભાઇ કેવી ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા જીવ છે એ જોઇને ! જાણે બીજા જનકરાજા જ જોઇ લો ! આવા લોકો સ્તુતિને પાત્ર તો છે જ પરંતુ સન્માનને પણ પાત્ર છે. ડોસાભાઇને આવતા જોઇ મહારાજ સામે દોડીને એમને ભેટ્યા ! એમના ભક્તે આજે સંસાર પર વિજય મેળવ્યો હતો. લોકોને મન જેનું ખૂબ મહત્ત્વ છે તેવા ધન-માલ, કુટુંબ-પરિવાર તથા સમાજની પ્રતિષ્ઠા એ સર્વેનો ડોસાભાઇએ તૃણવત્ ત્યાગ કર્યો હતો.

પડકાર ઝીલનાર પેલાં મહાજનો પણ પાછા ગઢડે આવ્યા ત્યારે ડોસાભાઇને સાધુ બનેલા જોઇને આભા બની ગયા ! તેમનાથી તરત જ બોલાઇ ગયું "મહારાજ ! ખરેખર અદ્‌ભુત પુરુષ છે અને ડોસાભાઇનો ત્યાગ પણ તેવો જ અદ્‌ભુત છે."

મહારાજ એમના મનોભાવ જાણી ગયા. એમને પાસે બોલાવ્યા અને સમજાવ્યું "ક્યારેય વ્યક્તિના બાહ્ય વર્તનથી એનાં અંતરનું ઊંડાણ માપી ન શકાય. ડોસાભાઇ તમને બહારથી માત્ર ધંધાની પ્રવૃત્તિ કરતા જ દેખાતા હતા પરંતુ એમણે પોતાનું જીવન તો જ્યારથી સત્સંગ કર્યો ત્યારથી જ અમને અર્પણ કરી દીધું છે." પેલા એક જૂના ભજનમાં કહ્યું છે ને કે, "સંસાર શું સરસો રહે પણ મન મારી પાસ" એમ ડોસાભાઇ સંસારમાં રહ્યા થકા માત્ર અમારા જ છે !

મહારાજની એક પત્રી માત્રથી જ ઘર-બાર, માલ-મિલ્કત, ધંધો-વેપાર બધું જ ત્યાગીને સાધુ બની જવું એ માત્ર ડોસાભાઇથી જ થઇ શકે.

છૂપી ઈર્ષ્યા કરનારા એ સર્વે મહાજનો મહારાજને પગે પડ્યા ને કહેવા લાગ્યા, "મહારાજ ! અમને માફ કરી દો. અમે આપને અને આપના પરમ ભક્ત ડોસાભાઇને ઓળખી ના શક્યા. બસ અમને તમારા શરણમાં લો એજ વિનંતી કરીએ છીએ."

મહારાજે પ્રેમથી સર્વેને ઉઠાડ્યા અને આશીર્વાદ આપ્યા, "તમારી ભક્તિ પણ ડોસાભાઇ જેવી અચળ બની રહો"

આવો હતો પુરુષોત્તમનારાયણનો પ્રતાપ અને આવાં ટેકીલા હતા મહારાજના પ્રિયજનો.

નામ ભલે ડોસાભાઇ હતું પરંતુ મહારાજ પ્રત્યેના સ્નેહ અને નિષ્ઠામાં ઋતુરાજ વસંત જેવું વૈભવી-યૌવન સમું એમનું અંતર હતું.

# CHAATUR MAAS & SHRAAVAN MAAS

- Swami Harivadan Dasji – Bhuj

The 4 Months period between Ashadh sud ekadashi (Devshayni Ekadashi - usually falls around July) and Kartik sud ekadashi (Prabodhini Ekadashi - usually falls in October / November) is referred to as the Chaturmas.

A story is narrated in the Purans about the Ekadashi, because she emerged from Lord Narayan's mind. There are 5 gnaan indriya (senses) and 5 karma indriya (the controlling organs of these senses). The mind controls all the organs so, it is considered as the 11th organ. Ekadashi literally means eleven, ek+dash. Ekadashi was granted her wish and was allowed by the Lord to stay in his eyes for the duration of the chaturmas. Thus, the Lord is said to sleep during this period. That is why the Ashadh sud 11 is also referred to as the Devshayani ekadashi (dev - Lord, shayan - sleep). During the period that the Lord is resting, disciples will practice extra religious niyams to please the Lord. Bhagavan Vishnu is stated to rest on 'Ksheera Sagar' (Ocean of Milk) during the Chaturmas, hence all Oceans, Rivers, Ponds and Water Bodies acquire divinity. Bathing in these Places is thus a significant exercise as Bhagavan Narayana spreads out Himself in water and destroys sins of those who bathe especially in the holy rivers like Pushkar, Prayag, Narmada, Bhaskara Kshetra, Prachi Saraswati, Samudra Sangam, Godavari, or Ganga. For example, bathing in Narmada even for three days with great devotion and concentration will destroy all sins, Godavari baths in brahma muhurta(early morning) destroy old and current karmas and make the way to Vishnudham easily. Snaans(bathing) with Sesame seeds(til) and Amla mix or Tulasi or Bilva leaves placed on head and chanting Lord Narayan's names by tongue or in mind during as many days as possible during the Chaturmas would get instant results by providing physical freshness, mental satisfaction and purity of thoughts and actions. According to Scriptures, Snaan is the first step of physical cleanliness and 'Antar Suddhi'

(internal purity). Skandh puran says, "सत्कर्मः सत्कथाचैव सत्सेवा दर्शनं शतम् । विष्णु पूजारथिदानेय चातुर्मास्य सुदुर्लभा ॥" - During this four-month period one should do Satkarma like Tarpanas to Pitras, yagnas for Devas, after the holy baths are natural duties, followed by Anushthaana, Agni havans, Veda Paatha, Satsang, Japa Mantras and charities especially of Anna daan. During this time, all disciples should take extra niyams such as fasting, reading scripture, singing kirtans in praise of God's divine qualities, performing mahapooja, performing pradakshina, doing sashtang dandavat pranam, meditation and other religious rituals as described by Lord Swaminarayan in the Shikshapatri, shloks 76-78.

Shraavan Month or Saawan Maas is considered to be the holiest month of the year. It is the first and most auspicious(subh) month of Chaatur Maas, the four holiest months of the Hindu calendar. Lord Shiva is worshiped during this entire month. Mondays of this month are dedicated to the worship of Lord Shiva and Tuesdays are dedicated to Devi Parvati. Devotees fast on either of these days as "श्रावन सोमवार व्रत" or "मंगल गौरी व्रत". As described in our Scriptures, Samudra Manthan (churning of the cosmic ocean) was done during this month.A large number of valuable gifts came out of the ocean when it was churned. However, the ocean also gave up Halahal (poison) that was so powerful that it could destroy everything. Lord Shiva, with his infinite kindness, drank this poison and stored it in his throat. This turned his neck Deep Indigo, thus giving him the name Neelkanth. As Lord Shiva saved everyone during this month, devotees offer prayers during this time and pronounce MahaMrityunjaya Mantra "ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् । उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ॥" which means, We, worship Trinetra (who has 3 eyes), who is fragrant, nourishes us and just as the fruit is freed from the bondage of the branch, so may we also be freed from death. Wearing a Rudraksha during this month is considered pavitra.

"Worship of Lord Shiva should always be performed with the greatest of love and respect. If you are yourself incapable of such

worship then worship through a Brahmin will suffice." (shikshapatri shlok-149). Shiva Purana explains, "श्रावणे मासि यो भक्त्या करोति शिवपूजनम् । कारयेद् ब्राह्मणैर्वापि न तु शून्यं नयेदिमम् ॥" - In the month of Shraavan, those who with deep devotion, worship Shiva through Abhisheka (bathing with milk, water or Panchamrut) or with Bili Patra (aegle marmelos leaves), fulfill all desires of devotee. There is nothing in this world that they cannot achieve through such worship. Therefore, one should never allow Shraavan Maas to pass without worship to Shiva.

It is said that during Shravan Maas, Lord Shiva performs great penance and meditation upon God Shree Hari Narayan by attaining Samadhi state. By performing Poojan of Sada Shiva, we too are able to have Darshan of Paramatma which he himself enjoys in Samadhi State, through his kindness. This is the reason for worship of Lord Mahadeva, who is both the greatest of Vaishnavas as well as being one same as Lord Narayana.

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ મંદિર દ્વારા સફાઇ અભિયાન અંતર્ગત સ્વચ્છ અને સુંદરતાના સંકલ્પ સાથે હમીરસરોવરની સફાઇ

૭ કલાક ચાલેલ આ અભિયાનમાં ૧૫ ટ્રેક્ટર, ૨ જે.સી.બી., ૨ આઇવા, ૩૫૦ ભક્તો સાથે મળી ૪૦ ટ્રેક્ટર જેટલો કચરો સાફ કરી અભિયાનને સફળ બનાવ્યું. સફાઇ સામગ્રી પાવડા, ત્રિકમ, ગમેલા, કોદારી વિગેરે સફાઇ ઓજારો અનેક ભક્તો પોતે સાથે લઇને સેવા કરવા આવેલ.

તા.૩૦/૬/૨૦૨૪ રવિવારના ભુજ અને કચ્છના લોકોના હૃદય સમાન હમીરસરોવર તળાવની સફાઇ અંતર્ગત આજરોજ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં હમીરસરોવર ખાતે પૂજન અને આરતી બાદ સફાઇ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.



આ શ્રમ સેવા યજ્ઞમાં ૧૫ ટ્રેક્ટર, ૨ જે.સી.બી., ૨ આઇવા, ૩૫૦ ભક્તોની ટીમવર્કમાં સાં.યો. બહેનો, કર્મયોગી બહેનો, યુવાનો અને વડીલો જોડાયા હતા. અને અંદાજિત ૪૦ જેટલા ટ્રેક્ટરો ભરી કચરો બહાર કરાયો. ૭ કલાક સુધી ચાલેલા આ સફાઇ સેવાશ્રમ






અભિયાન દરમિયાન મેઘરાજાએ પણ પોતાની હાજરી પુરાવી હતી. વરસતા વરસાદના માહોલ વચ્ચે સમગ્ર હમીરસરોવરની સફાઈનો દોર ચાલુ રહ્યો હતો. આ ભગીરથ કાર્યમાં ભુજ, માધાપર, મીરજાપર, હરીપર અને સુખપરના ભક્તો અને શહેરના અન્ય સંગઠનો પણ જોડાયા હતા.

પ્રસાદી મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજના ૧૫ માં વાર્ષિક પાટોત્સવને અનુલક્ષીને આ સફાઈ અભિયાન આયોજનનો સંકલ્પ પ્રસાદી મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીએ કરતા જણાવ્યું હતું કે જ્યારે જ્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણ ભુજ આવતાં ત્યારે આ હમીરસરોવર (તળાવ)માં અનેક વખત સંતો-પાર્ષદો અને હરિભક્તો સાથે સ્નાન કરતા. આમ આ તળાવ પ્રસાદીનું સ્થળ છે. દર અગિયારસના દિવસે અનેક હરિભક્તો પગે ચાલીને આ સરોવરની પ્રદક્ષિણા કરે છે. અને માઘ સ્નાન દરમિયાન વહેલી સવારે અને સંતો, હરિભક્તો, સાં.યો.બહેનો આખો મહિનો સ્નાન કરતા હોય છે.

આ સેવાશ્રમ મહાઅભિયાન યજ્ઞમાં મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સદ્ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, પ્રસાદી મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્ગુરુ સ્વામી હરિબાળદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી આદિ સંતો ઉપસ્થિત રહી આ સેવાશ્રમમાં જોડાયા હતા.

અહેવાલ - શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી

## જય રણછોડ જય જગન્નાથના નાદથી શહેર ગુંજી ઉઠ્યું ઠેર ઠેર ભગવાન શ્રીજગન્નાથની યાત્રાનું પૂજન

અષાઢી બીજ એટલે કચ્છી નવા વર્ષ સાથોસાથ ભુજમાં ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા આ વર્ષે ભુજ પ્રસાદી મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવના ઉપક્રમે શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા જગન્નાથપુરીની ઝાંખી સાથે ત્રીસ ફૂટ લાંબા અને વીસ ફૂટ પહોળા ભવ્ય સુશોભિત

રથમાં ભગવાન શ્રી જગન્નાથજી, બહેન શ્રીશુભદ્રા અને મોટાભાઇ શ્રીબલરામજીની મનમોહક પ્રતિમાઓને બિરાજમાન કરવામાં આવી હતી. હજારો હરિભકતોની ઉપસ્થિતિમાં યાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, કચ્છના સાંસદશ્રી વિનોદભાઇ ચાવડા, પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પ્રસાદી મંદિરના કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી આદિ





સંતો, કચ્છ-મોરબી સાંસદ વિનોદ ચાવડા, ભુજ વિસ્તારના ધારસભ્યશ્રી કેશુભાઇ પટેલ, ભુજ તાલુકા પંચાયતના પ્રમુખ વિનોદભાઇ વરસાણી, કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો.મોહનભાઇ પટેલ વિગેરે રાજકીય મહેમાનો તથા મુખ્ય યજમાનશ્રી વિજયભાઇ અને સુપુત્ર ઘનશ્યામ, ભુજ મંદિરના ઉપકોઠારીશ્રી જાદવજીભાઇ





ગોરસીયા, સલાહકારશ્રી રામજીભાઇ વેકરીયા, ટ્રસ્ટીશ્રીઓ, શશીકાંતભાઇ ઠક્કર, દેવશીભાઇ હિરાણી, અનિલભાઇ ગોર, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી અક્ષરપ્રિયદાસજી વિગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ સાથે ભૂદેવોએ શાસ્ત્રોક્ત વિધિવધાન સાથે પૂજન કરાવેલ. જય રણછોડ જય જગન્નાથના નાદ સાથે ઉપસ્થિત સંતો અને મહાનુભાવોએ આ રથયાત્રાને સ્ટાર્ટ આપી હમીરસરોવર પાસેથી પ્રારંભ કરાવ્યો હતો.

રથ ખેંચવાની સેવામાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો રહ્યા હતા. રથની પાછળ રંગબેરંગી પોશાકમાં



ભુજ તથા માધાપરના બહેનો સામૈયા કળશ જય જયકારના નારાઓ સાથે ભક્તિ-ભજન સાથે સંગત કરી હતી. જ્યારે શંખ બળદિયા શ્રીઘનશ્યામ બાલમંડળના બાળકો વગાડ્યા હતા. અને ભુજ શહેરની ભજન મંડળીએ પોતાની આગવી અને અલૌકિક શૈલીમાં રમઝટ જમાવી



હતી. તો ક્યાંક શરણાઈઓના શૂર સાથે ઢોલ ઢબૂકતા, ઊંટની સવારી સાથે કચ્છી વાદ્યોના શૂરોએ માહોલને રંગત જમાવી હતી. તો D.J.ના મોર્ડન ભક્તિ સંગીતે યુવાનો ડોલાવ્યા હતા. આ દરમિયાન લોકોમાં વૃક્ષારોપણને લઇ વિશેષ ને



વિશેષ જાગૃતિ લાવવા રથયાત્રા દરમિયાન વૃક્ષના રોપાનું વિતરણ ભુજ મંદિર તથા સામાજિક વનિકરણ રેન્જ ભુજ-કચ્છના સંયુક્ત પ્રયાસે અવિરત ચાલુ રહ્યું હતું. તો સુવિચારોના બેનરો સાથે કોડકીના બાઇક સવારો નજરે પડી રહ્યા હતા. જળપાન વ્યવસ્થામાં માધાપર તથા સુખપરના ભાઇઓ તથા બહેનોએ સેવા કરી હતી.

શહેરના જુદા જુદા વિસ્તારોમાં યાત્રાનું સ્વાગત અને પૂજનના દોરમાં વાણિવાડ નાકા પાસે શ્રીસ્વામિનારાયણ સંસ્થાન દ્વારા ચાલતાં ગુરુકુળોના પ્રતિનિધિઓએ, કચ્છમિત્ર સર્કલ પાસે આપણા દેશના (B.S.F.) જવાનોએ સ્વામિનારાયણ સર્કલ (જયુબિલિ) પાસે ભુજ અને





કચ્છના સનાતન ધર્મની સર્વે જ્ઞાતિઓના પ્રતિનિધિઓએ પૂજન કરી ધન્યતા અનુભવી હતી.

યાત્રા દરમિયાન ભક્તો માટે સરબત અને ઠંડા પાણીની સરસ વ્યવસ્થા સાથે માર્ગમાં કોઈપણ જાતનો કચરો ન થાય અને સફાઈ જળવાઈ રહે તે તકેદારી સ્વરૂપે મહિલાઓ અને હરિભક્તો સફાઇ સેવા કરી રહ્યા હતા.

રથયાત્રા વિરામ પરિસર તરફ આગળ વધી રહી હતી ત્યારે મંદિરના મુખ્ય દ્વાર પાસે ટ્રસ્ટીશ્રીઓ, ભુજ બહેનોના મંદિરના મહંત



સાં.યો. સામબાઈ ફઈ સાથે કચ્છ સત્સંગના તમામ સાં.યો. બહેનોએ પુષ્પવર્ષા સાથે દેવોનું પૂજન કર્યું હતું.

મંદિર પરિસરમાં મુખ્ય યજમાન પરિવારના શ્રીવિજયભાઇ વિશ્રામ રાબડીયા પરિવાર, તથા રથયાત્રા માટે રથ તૈયાર કરનાર માધાપર ગામના દરેક હરિભક્તો વતી અરજણભાઇ ભુડિયાને સન્માનવામાં આવ્યા હતા. આ રથયાત્રાને સફળ બનાવવા મહોત્સવ સમિતિના સંતો, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો સતત કાર્યરત રહ્યા હતા.



આ રથયાત્રામાં અંજાર, માંડવી, રાપર મંદિરના સંતો, રાજકીય અને સામાજિક સંસ્થાઓ, લેવા પટેલ સમાજની ત્રણે પાંખોના હોદેદાર અગ્રણીઓ, મંદિર સંચાલિત ગુરુકુળોમાંથી વિદ્યાર્થીઓ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ સાથે ચોવિસીમાંથી બહોળી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી વયવસ્થામાં સહયોગી રહ્યા હતા.

સમૂહ આરતી અને પૂજન બાદ પ્રસાદ વિતરણ સાથે રથયાત્રાને વિરામ આપવામાં આવ્યો હતો.

સમગ્ર રથયાત્રાનું સંચાલન પ્રસાદી મંદિરના સંતો શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી રામનુજદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી આનંદમુનિદાસજી વિગેરે સંતોએ જહેમત ઉઠાવી હતી.

યજમાનપદે પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી પિતાશ્રી અ.નિ.વિશ્રામભાઇ દેવજી રાબડીયા, માતુશ્રી અ.નિ.મેઘબાઇ, સુપુત્ર પ.ભ.વિજયભાઇ, ધ.પ.મંજુલાબેન, સુપુત્ર અ.નિ.હિતેનભાઇ તથા ઘનશ્યામ સુપુત્રી પ્રિયાના સપરિવાર નારાણપર હાલે કાર્ડિફ (યુ.કે.) રહ્યા હતા.

## ચાંદ્રાણી ખાતે શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ પ્રાંગણમાં વૃક્ષારોપણ

### વૃક્ષ એ મનુષ્યજીવનમાં ઓક્સિજન બોટલનું કામ કરે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સ્થાપિત અનેક શૈક્ષણિક સંસ્થાનો કચ્છના અનેક તાલુકાઓમાં આવે છે. તે પૈકી શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ રાપર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ ચાંદ્રાણી ગામના પ્રાંગણમાં ૧૦૮ અલગ અલગ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ભવિષ્યમાં હજુ ઔષધીઓના વૃક્ષોનું વાવેતર કરાશે. સભા બાદ નામનું અનાવરણ કરવામાં



આવ્યું હતું. ત્યારબાદ સંતો, સાં.યો. બહેનો તથા મહેમાનો હરિભક્તોએ વૃક્ષોનું વાવેતર કર્યું હતું.







આ પ્રસંગે ઉપસ્થિત શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ ગામમાં ૨૦૦ વરસ પહેલાં શ્રીસ્વામિનારાયણ ભગવાન પધારી તળાવમાં સ્નાન કરી મીઠી જારની ડાળ ઉપર ઘોડો પલાણે એમ બેસી લીળા કરેલ એવું પ્રસાદીભુત ગામની ભૂમિમાં થનાર વેદ પાઠશાળાના અધ્યયન સાથે વિદ્યા કૌશલ્ય દ્વારા મૂળ ભારતીય સંસ્કૃતિનું રક્ષણના પ્રયાસો થશે. હજારો વરસ પહેલાં જેમ ગામના બાળકો ગુરુકુળોમાં ભણતા એજ પરંપરા



પ્રમાણે બાળકો અભ્યાસ કરી સ્વનિર્ભર થાય એવા પ્રયાસો થશે. સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ પાઠવતા જણાવ્યું કે પૌરાણિક કથાઓ અને ધાર્મિક પરંપરામાં વૃક્ષનું ખૂબ જ મહત્ત્વ શાસ્ત્રોમાં વર્ણવેલ છે. મનુષ્યજીવનમાં વૃક્ષોનું ખૂબજ મહત્ત્વ છે.

વૃક્ષ એ મનુષ્યજીવનમાં ઓક્સિજન બોટલનું કામ કરે છે. જેથી અનેક પ્રકારના વૃક્ષો વાવીએ, વૃક્ષોના ઝાડપાન ઔષધીનું સ્વરૂપ છે.

આ પ્રસંગે સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, રાપર ગુરુકુળ સંચાલક ડો.સ્વામી અક્ષરમુનિદાસજી આદિ સંતો તથા ભુજ મંદિરના મુખ્ય કોઠારી પ.ભ.મુરજીભાઇ શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઇ ગોરસીયા, સલાહકાર પ.ભ.રામજીભાઇ વેકરીયા, હિરાપર



ગામના સરપંચશ્રી, દુધઇ-હિરાપરના સાં.યો.બહેનો તથા ચાંદ્રાણી ગામના આહિર અગ્રણીઓ પધાર્યા હતા. થનાર વૈદિક ગુરુકુલમ્‌ના બાંધકામ સમિતિના સંતો ભક્તો પ્રસાદી મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, કોઠારી પુરાણી સ્વામી રામાનુજદાસજી તથા સ્વામી રામપ્રિયદાસજી, હિરાપરના સભ્યો પ.ભ.દેવજીભાઇ છાંગા, પાંચાભાઇ સવા, જખરાભાઇ કેરાસીયા, પ.ભ. જાદવજીભાઇ ગોવિંદ ભુડિયા-માધાપર, પ.ભ. જાદવજીભાઇ લાલજી વરસાણી-માધાપર આદિ હરિભક્તોને પૂજ્ય સ્વામી બાલકૃષ્ણદાસજીએ પુષ્પમાળા પહેરાવી ઉપસ્થિત મહેમાનોનું અભિવાદન કર્યું હતું. તેમજ પધારેલ હરિભક્તોને પણ પુષ્પમાળા દ્વારા આવકાર્યા હતા. સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. ઠાકોરજીના પ્રસાદ બાદ કાર્યક્રમને વિરામ આપવામાં આવેલ.

અહેવાલ - શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી

## જંગલ ખાતા અને ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના સંયુક્ત ઉપક્રમે સામાજીક વનીકરણ વિભાગ અંતર્ગત ૮૦૦ રોપાનું વૃક્ષારોપણ કરાયું

કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા જ્યારે પર્યાવરણ સંરક્ષણ અભિયાન અંતર્ગત ગુજરાત સરકાર અને ફોરેસ્ટના સામજિક વનીકરણ વિભાગ દ્વારા ૭૫ માં ગ્રામ્ય કક્ષા વન મહોત્સવ-૨૦૨૪ અંતર્ગત ઉજવણી કાર્યક્રમો કરી રહી છે. આ કાર્યમાં કચ્છની અનેક સંસ્થાઓ કાર્યરત છે





ત્યારે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર પણ આ અભિયાનમાં સહભાગી થઈ કચ્છના જુદા જુદા વિસ્તારોમાં વૃક્ષારોપણનું કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. જેને અનુલક્ષીને આજરોજ ભુજ-માંડવી રોડ પાસે આવેલ ખત્રી તળાવ પાસેના ભક્તિ બાગમાં ૮૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ, રામપર નવાવાસ મંદિર અને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની રાહબર અને સહયોગથી આયોજન કરવામાં આવેલ.



આ પ્રસંગે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, કચ્છ-મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી,



સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, પ્રસાદી મંદિર કોઠારી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, શ્રીહરિ તપોવન ગુરુકુળના સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી આદિ સંતો, મોટી સંખ્યામાં સાં.યો. બહેનો, ભુજ તાલુકા પંચાયતના પ્રમુખ



વિનોદભાઈ વરસાણી, ભુજ તાલુકા ભાજપના પ્રમુખ ભીમજીભાઈ જોધાણી, ભુજ મંદિરના મુખ્ય કોઠારી મુરજીભાઈ શીયાણી, સલાહકાર ટ્રસ્ટી રામજીભાઈ વેકરીયા, નારાણપર રાવરી ગામના



સરપંચશ્રી દેવબાઇ, ઉપસરપંચશ્રી, ચોવિસીના પ્રતિનિધિઓ, હરિભક્તો, શ્રીસ્વામિનારાયણ મંદિર રામપર, નારાણપર, દેશ-વિદેશના વૃક્ષપ્રેમી દાતાઓ, અન્ય મંદિરોથી પધારેલ સાં.યો. બહેનોની ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું.

શ્રીસ્વામિનારાયણ મંદિર રામપર નવાવાસના અક્ષરમુક્ત શ્રીધનબાઇ ફઇની ૨૦૦ મી જન્મ જયંતી મહોત્સવને અનુલક્ષી આ ૮૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ ફઈબા ભક્તિબાગ ખાતે કરવામાં આવેલ.

આ કાર્યક્રમ રામપર નવાવાસ મંદિરના સર્વે હરિભક્તો દરેક વૃક્ષોના તેમજ અન્ય સમગ્ર કાર્યક્રમના યજમાન બન્યા હતા. પૂજ્ય મહંત સ્વામીએ આ અવસરે દરેક કાર્યકરોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સંચાલન શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. જ્યારે સમગ્ર



કાર્યક્રમની વ્યવસ્થા રામપર નવાવાસ મંદિરના પ્રમુખ રૂડાભાઇ રાજાણી, કલ્યાણભાઇ પટેલ તથા અન્ય સુખપર, નારાણપર, રામપરના હરિભક્તોએ સેવા સંભાળી હતી.

સ્થળ દેખરેખ, સારસંભાળ સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી તથા ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી કરી રહ્યા છે.

## માંડવી શ્રીઘનશ્યામ મહારાજ ૨૫ મો વાર્ષિક પાટોત્સવ નિમિત્તે "મારો ઉત્સવ મારું ભજન" માંડવી પ્રસાદી મંદિરે વિશેષ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી, સમુદ્ર કિનારે આવેલ માંડવી નગરે શ્રીસ્વામિનારાયણ મંદિરે હરિભક્તોને સદાય સુખ આપનારા શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજ, શ્રીઘનશ્યામ મહારાજ બિરાજમાન છે. ત્યારે શ્રીઘનશ્યામ મહારાજનો ૨૫ મો વાર્ષિક પાટોત્સવ આવી રહ્યો છે, જેના ઉપલક્ષ્યમાં માંડવી મંદિરના સાં.યો. નાના મેઘબાઇફઇ, શિષ્ય સાં.યો.સરલાબાઇફઇ, સાં.યો. અનિતાબાઇફઇ, સાં.યો. અમરતબાઇફઇ દ્વારા માંડવી શહેરના સત્સંગીઓ માટે શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિરે વિશેષ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.



"મારો ઉત્સવ મારું ભજન" થીમ લઇ માંડવી શહેરનાં હરિભક્તોને ઘેર ઘેર પધરામણીઓ કરવામાં આવી હતી. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળ માંડવી શહેરનાં બહેનો સહુ સાથે મળી વિશેષ સત્સંગ સભાનું પ્રસાદી મંદિરે આયોજન કરવામાં આવ્યું.

આ સત્સંગ સભામાં સાં.યો.અનિતાબાઇફઇએ વચનામૃત પર કથા કરી હતી. સભા સંચાલન સાં.યો.સરલાબાઇફઇ કર્યું

હતું. સાં.યો. નાના મેઘબાઈફઈ દ્વારા સહુ બહેનો ભક્તોને શ્રીઘનશ્યામ મહારાજના ૨૫ માં વાર્ષિક પાટોત્સવ ઉપલક્ષ્યમાં ઓરડાંના પદ, પ્રદક્ષિણા, માળા, પંચાગ પ્રણામ, મંત્રલેખન આદિ નિયમો આપવામાં આવ્યાં હતાં.

સત્સંગ સભા પૂર્ણ થતાં સહુ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેના



યજમાન પ.ભ. અશ્વિનભાઈ હાલાઈ-માંડવી હાલે કંપાલાવાળા રહ્યા હતા.

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી સત્સંગ સભાના આયોજનની સંપૂર્ણ જવાબદારી મનજીભાઈ રાબડીયા-મસ્કા, લાલજીભાઈ હાલાઈ-માંડવી, શીવજીભાઈ વેકરીયા અને નિર્મલકુમાર આસોડીયા દ્વારા સંભાળવામાં આવી હતી.

અહેવાલ - નિર્મલકુમાર આસોડીયા-માંડવી

## મંગલકારી શ્રીઘનશ્યામ મહોત્સવ માંડવીના લોગોનું વિમોચન

પરમ કૃપાળુ શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ અને મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ઉત્સવના લોગાનું વિમોચન કરાયું.

તા.૨/૭/૨૦૨૪ શુક્રવાર જેઠ વદ એકાદશીના દિવસે ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતો તેમજ ભુજ મંદિર સંચાલિત શૈક્ષણિક સંસ્થામાંથી પધારેલા સંતોના પૂજનથી કરવામાં આવ્યું.

ત્યારબાદ પ્રથમ આશીર્વચનમાં મહંત સ્વામીએ આપણા શ્રીઘનશ્યામ મહારાજને ૨૫





વર્ષ પૂર્ણ થાય છે એ નિમિત્તે 'મંગલકારી શ્રીઘનશ્યામ મહોત્સવ' ધામધૂમથી ઉજવવો. જેની તા.૧૦ થી ૧૬ એપ્રિલ ૨૦૨૫, ચૈત્ર સુદ-૧૩ થી ચૈત્ર વદ-૩ એમ સાત દિવસના મહોત્સવની જાહેરાત કરી હતી. સાથે એક સંકલ્પ મૂક્યો કે શ્રીઘનશ્યામ મહારાજનાં સુવર્ણ વાઘા કરવાના છે. એ સંકલ્પને સભામાં ઉપસ્થિત સહુ સંતો, સાં.યો. બહેનો અને હરિભક્તોએ હાથ તાળીથી વધાવ્યો અને પૂર્ણ કરવાની ભાવના વ્યક્ત કરી હતી. ઘણાં ભક્તો અને સાં.યો. બહેનોએ સુવર્ણદાન કરીને રાજીપો મેળવ્યો હતો.

ત્યારબાદ ઉત્સવ નિમિત્તે ભજન કરીને શ્રી ઘનશ્યામ મહારાજને રાજી કરવા સદ્‌ગુરુ



પ્રેમાનંદ સ્વામી રચિત આજ મારે ઓરડે..ના પાઠ, જનમંગલ સ્તોત્રના પાઠ, સ્વામિનારાયણ મહામંત્ર માળા, દંડવત્ પ્રણામ, પંચાગ પ્રણામ, પ્રદક્ષિણા જેવાં નિયમોની જાહેરાત કરાઇ હતી.

સંતોના આશીર્વાદમાં સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીએ મહંત સ્વામીનો સંકલ્પ પૂર્ણ કરવાની જવાબદારી આપણી છે તેવી ભલામણ કરી હતી.

પ્રસાદી મંદિર ભુજના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીએ ભગવાનને અર્પણ કરેલું ધન અનંતગણું પાછું આપીને આપણને સુખી કરે છે તો આપણે પણ શ્રીઘનશ્યામ મહારાજના ઉત્સવમાં તેમજ સુવર્ણ વાઘામાં સેવા કરી અને એનો રાજીપો પ્રાપ્ત કરીએ એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.



તપોવન ગુરુકુળના સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ આ ઉત્સવ નિમિત્તે ઘરે ઘરે ગાય બંધાય અને ભારતીય સંસ્કૃતિનું જતન થાય એવી ભલામણ સાથે ઉત્સવના સેવાના સંકલ્પોની માહિતી આપી હતી.

માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ ઉત્સવ દરમિયાન અને ઉત્સવના ઉપલક્ષ્યમાં થનાર ધાર્મિક તેમજ સામાજિક આયોજનની માહિતી સાથે ભક્તોને સેવા કરવાની ભલામણ કરી હતી.

ત્યારબાદ કોઠારી પ્રાર્ષદ જાદવજી ભગતે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને અંતે ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ પોતાના આશીર્વાદમાં ઉત્સવ દિવ્ય અને ભવ્ય થશે એમાં આપ સૌ સહભાગી થઇને તન, મન, ધનથી સેવા કરજો અને ઘનશ્યામ મહારાજને રાજી કરજો એમ કહ્યું.

કાર્યક્રમના અંતમાં ઉત્સવનો લોગો ભુજ મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, માંડવી મંદિરના મહંત સ્વામી, પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, કોઠારી સ્વામી સંતજીવનદાસજી, અંજાર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી, ભુજ મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, તેમજ ભુજ મંદિર સંચાલિત શૈક્ષણિક સંસ્થામાંથી પધારેલ સંતો તેમજ ભુજ મંદિરના કોઠારી પ.ભ. મુરજીભાઇ શીયાણી, પ.ભ. રામજીભાઇ વેકરીયા, માંડવી મંદિરના કોઠારી પ.ભ. અરજણભાઇ હાલાઇ, પ.ભ. હરજીભાઇ વેકરીયા આદિ સંતો-ભક્તોના વરદ્‌હસ્તે લોગો વિમોચન કરાયો, એ સાથે બહેનો વિભાગમાં માંડવી મહિલા મંદિરના મહંત સાં.યો. રતનબાઇફઇ, ઉપમહંત સાં.યો. કાનબાઇફઇ તેમજ સમસ્ત કચ્છના ગામડેથી પધારેલ સાં.યો. બહેનોના વરદ્‌હસ્તે લોગો વિમોચન કરાયો. આ









દિવ્ય ક્ષણને સભામાં ઉપસ્થિત સૌ સંતો અને હરિભક્તોએ ઊભા થઇ હાથતાળીના નાદથી વધાવ્યો.

આ દિવ્ય ક્ષણન માણ્યા પછી નિજ મંદિર આગળ સંતો-ભક્તોએ આ લોગોને આકાશમાં વહેતો મૂકી દેવોને ઉત્સવમાં પધારવા નિમંત્રણ પાઠવ્યું હતું.

ઉત્સવનાં લોગાની ડિઝાઈન શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ તૈયાર કરાવેલ. અને લોગો વિમોચન કાર્યક્રમનું સંકલન સ્વામી કપિલજીવનદાસજી તેમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ સંભાળ્યું હતું. સભાનું સંચાલન સ્વામી શ્યામકૃષ્ણદાસજી સંભાળ્યું હતું.

અહેવાલ - સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી-માંડવી

## ભુજ શહેરની શોભા એવા હમીરસરોવરનું પૂજન, મહાઆરતી સાથે સંતોનું પૂજન.

તા.૨૧/૭/૨૦૨૪ રવિવાર ગુરુપૂર્ણિમાના પાવન દિવસે પંચદશાબ્દી મહોત્સવ-પ્રસાદી મંદિર-ભુજના ઉપક્રમે આજરોજ ભુજના હૃદયસમા હમીરસરોવર જેનું સ્વામિનારાયણ સંપ્રદાયમાં ખૂબજ મહત્ત્વ છે. ભગવાન શ્રીસ્વામિનારાયણ પરમહંસો સાથે અનેક વખત સ્નાન કરેલું છે. આ મહિમાને આજપણ ભુજ મંદિરે પ્રસાદીના સરોવર તરીકે અનેક કાર્યક્રમો કરે છે. ત્યારે આજરોજ સંધ્યા સમયે હમીરસરોવર મહિમાની કથા સાથે ભુજ



મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી આદિ વરિષ્ઠ સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું.



પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞાથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી

હરિબાળદાસજી તેમજ ડૉ.સ્વામી અક્ષરમુનિદાસજીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતોનું પૂજન અને સંતોના રૂડા આશીર્વાદ સાથે હમીરસરોવરનું પૂજન-અર્ચન કરીને ૧૫૦૦









દિવેટથી હમીરસરોવરની મહાઆરતી કરવામાં આવી હતી.





સવારના ભાગમાં પ્રસાદી મંદિરે શ્રીવિષ્ણુસહસ્રનામાવલીથી શ્રીઠાકોરજીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામંડપમાં વિદ્યાભ્યાસ કરાવતા વિદ્વાનો તથા વડીલ નાના મોટા સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું. વિદ્યાભ્યાસ કરતા સંતો સંસ્કૃતના અલગ અલગ વિષયો ઉપર પ્રવચનો કર્યા હતાં. અંતે પાઠશાળાના પ્રાધ્યાપકો તથા વડીલ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને યજમાનો દ્વારા સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું. હરિભક્તોએ સંતોને ધોતિયાં ઓઢાળી પૂજા કરી હતી.

પ્રસાદી મંદિરનો કાર્યક્રમ તથા હમીરસરોવર મહાઆરતી-પૂજન તથા ગુરુપૂજનના યજમાનશ્રી અ.નિ.ખીમજીભાઈ રામજી કેરાઈ, અ.નિ. માતૃશ્રી વાલબાઈ, હસ્તે સુપુત્ર કરસનભાઈ ખીમજી કેરાઈ, ધ.પ.કાંતાબેન, સુપુત્ર રવિન્દ્રભાઈ, ધ.પ.રોશનીબેન, પૌત્રીઓ દેવિકા અને વેદી સપરિવાર ગામ કુંદનપુર હાલે લંડન-યુ.કે. એ લાભ લીધો હતો.

હમીરસરોવરનો મહિમા સાથેની કથાના

વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી વ્યાસપીઠ પર બિરાજમાન રહ્યા હતા. પૂજનની વ્યવસ્થા કોઠારી સ્વામી રામાનુજદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી સ્વામી આનંદમુનિદાસજી આદિ સંતોએ સંભાળી હતી. જ્યારે કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

આ ભવ્ય મહાઆરતીમાં કચ્છ દેશના માંડવી, અંજાર, રાપરના મંડળધારી સંતો તેમજ તમામ ગુરુકુળના સંતો, સાં.યો. બહેનો સાથે બહોળી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સુખપર (ભુજ) સરસ્વતી સન્માન સમારોહ

તા.૭/૭/૨૦૨૪ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સુખપર તા-ભુજમાં સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ભુજથી પૂજ્ય સ્વામી હરિવલ્લભદાસજી, પૂજ્ય સ્વામી અક્ષરમુક્તદાસજી અને પૂજ્ય સ્વામી ધર્મવિહારીદાસજી તથા સંસ્થાના પ્રમુખશ્રી શીવજીભાઇ પાધરા તથા મંત્રીશ્રી જેન્તીભાઇ રાબડીયા, ખજાનચીશ્રી કાનજીભાઇ વાગડીયા, ટ્રસ્ટીશ્રી જનકભાઇ ભટ્ટ તેમજ અન્ય ટ્રસ્ટીશ્રીઓએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી અને ઋષિકુમારો દ્વારા સસ્વર વેદમંત્રોનું ગાન કરી વાતાવરણ મંત્રમય બનાવ્યું. ત્યારબાદ ઋષિકુમારો દ્વારા સંસ્કૃત સ્વાગત ગીત અને પુષ્પહારથી સંતો, અતિથીઓ અને ટ્રસ્ટીશ્રીઓનું સ્વાગત પૂજન કરવામાં આવ્યું.

ત્યારબાદ પાઠશાળાના પ્રધાનાચાર્યશ્રી દુર્ગેશભાઇ ભટ્ટે પાઠશાળાની પ્રગતિ અને પરિણામની જાહેરાત કરી. તેમાં તેમણે જણાવ્યું કે ઋષિકુમારને માટે જ્ઞાન પ્રાપ્ત કરવું તે પ્રથમ પગથિયું છે. ત્યારબાદ ધોરણ-૯ થી ૧૨ ના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.

દિનેશભાઇ ગોરે જણાવ્યું કે સંસ્થાને ઊભી કરવામાં ઘણી મહેનત લાગી છે અને એનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્કૃત અને સંસ્કૃતિનું રક્ષણ કરવું છે. સંસ્કાર, ભાષા અને સંસ્કૃતિ જળવાઇ રહે અને વિધર્મીઓનાં આક્રમણ અટકે તે માટે ટકોર કરી.

ત્યારબાદ પૂજ્ય સ્વામી ધર્મવિહારીદાસજીએ અષાઢી બીજનું અને રથયાત્રાનું મહત્ત્વ સમજાવ્યું અને પ્રવચન કરનાર વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા. ચોસઠ કળા અને ચૌદ વિદ્યામાં ચારિત્ર્યનું મહત્ત્વ દર્શાવી સારી રીતે વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ થાય એવો ઉપદેશ આપ્યો અને ત્રણ સૂત્રો આપ્યા. ગો.પૂ.ચી. ગોખવું, પૂછવું અને ચિંતવન કરવું. પૂજ્ય સ્વામી હરિવલ્લભદાસજીએ પુરસ્કૃત વિદ્યાર્થીઓને પવિત્ર દિવસે સન્માન થવા બદલ રાજીપો વ્યક્ત કર્યો અને શિક્ષાપત્રીનાં શ્લોકનો ઉલ્લેખ કરી ચાર વેદની ઉત્પતિ વિશે સમજૂતી આપી. વ્યાસજીના આઠ શાસ્ત્ર માન્યા રાખવા અને અંતે શ્વેતકેતુની કથા દ્વારા વિદ્યાર્થીઓને વિદ્યા સાથે વિવેકી બનવા સલાહ આપી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને કાર્યક્રમનું સંચાલન પાઠશાળાના આચાર્ય દુર્ગેશભાઇ ભટ્ટે કર્યું હતું. પાઠશાળાના અધ્યાપકશ્રીઓએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી અને સૌનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

અહેવાલ - આચાર્ય દુર્ગેશભાઇ ભટ્ટ

## ભક્તિનગર રાત્રીય સત્સંગ સભા

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની દર વર્ષની પરંપરા મુજબ કચ્છના દરેક ગામડે ગામડે જઇને સંતો કથાવાર્તા અને સત્સંગને લગતા દરેક કાર્ય કરી રહ્યા છે. આ વર્ષે ભક્તિનગરને આંગણે સદ્ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ્વામી પરમહંસદાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી સત્સંગસેવકદાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજી અને સ્વામી

ધ્યાનેશ્વરદાસજી કથાવાર્તા અને સત્સંગ કાર્ય માટે પધારેલા અને બે દિવસીય રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલું તેમા સ્વામી પરમહંસદાસજીએ નિષ્કુળાનંદ સ્વામી રચિત ધીરજ આખ્યાનનું એક કીર્તન 'ધીરજ સમ નહિ ધન રે સંતો ધીરજ..' આ કીર્તન ઉપર પહેલાં દિવસે સમજાવ્યું હતું.

અને બીજી રાત્રી સત્સંગ સભામાં નિષ્કુળાનંદ સ્વામી રચિત 'અચળ ભરોસો ભગવાનનો, જોઈએ જનને જાણો' આ કીર્તન ઉપર સર્વે ભક્તો સમજી શકે તેવી સરળતાથી અને રમુજ સાથે કથાવાર્તા કરી હતી. અંતે 'શીદને રહીએ કંગાલ રે સંતો શીદને' આ કીર્તન ઉપરથી સહુ ભક્તોને હિંમત આવે એવી વાત કરી હતી. અને આ રાત્રી સભાને સફળ બનાવવા માટે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના દરેક સભ્યો જહેમત ઉઠાવી હતી.

અહેવાલ - કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ - ભકતિનગર

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં પ્રવેશોત્સવ અને તેજસ્વી છાત્રોના સરસ્વતી સન્માન કાર્યક્રમની હોંશભેર ઉજવણી કરવામાં આવી

ભુજ તાલુકાના નારાણપર મધ્યે આવેલ શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.અંગ્રેજી માધ્યમ શાળા) અને શ્રીઘનશ્યામ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ શાળા) માં ભવ્ય શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં ૨૫૦ થી વધારે નવા વિદ્યાર્થીઓને તિલક અને મીઠું મોઢું કરાવી પ્રવેશ અપાયો હતો. સાથે બોર્ડ પરીક્ષા ૨૦૨૪ માં સારા ગુણ પ્રાપ્ત કરેલ ધોરણ ૧૦ અને ૧૨ ના સર્વે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. આ અવસરે શિક્ષણ સાથે ધાર્મિક સદ્‌ગુણો અને સંસ્કારનું સિંચન થાય તે માટે સ્વામી ધર્મચરણદાસજીએ શબ્દોરૂપી આશીર્વચન પાઠવ્યા હતાં. શાળાના આચાર્યશ્રી સાકેતભાઈ દ્વારા સર્વે નવા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શાળા સંચાલક મંડળ વતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, ટ્રસ્ટીશ્રી નવિનભાઈ પાંચાણી, શીવજીભાઈ વેકરીયા, ગોવિંદભાઈ હાલાઈ, જાદવજીભાઈ ગોરસીયા, શામજીભાઈ પિંડોરીયા, મુકેશભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી સાકેત સિંઘ, પંકજ રાજગોર અને સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યું હતું.

અહેવાલ - આચાર્યશ્રી

## સત્સંગ ભવન થાણા - બદલી

ભુજ મંદિરની પરંપરા અનુસાર દર વર્ષે આપના સ્થાનોમાં બદલી થતી હોય છે, તે પૈકીમાં શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણામાં છેલ્લા ૩ વર્ષથી પૂજ્ય ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીના મંડળના સંતોમાં સ્વામી પરમહંસદાસજી મહંતપદે રહી સાથે સ્વામી નિર્ભયચરણદાસજી અને સ્વામી વેદાંતસ્વરૂપદાસજી રહ્યા હતા. આ ત્રણ સંતોએ ૩ વર્ષ દરમિયાન મુંબઈમાં રહીને સત્સંગનો પ્રચાર અને પ્રસાર કર્યો.

નવી મુંબઈના અનેક નવા એરિયામાં જઈને નવા મુમુક્ષુઓ બનાવ્યા, અને સત્સંગ તેમજ જીવનની સાચી દિશા બતાવી ભગવાન સન્મુખ આવે એવા પ્રયત્નો કર્યા. થાણા તેમજ આયરોલી, ઘનશોલી, નેરુલ, ખારઘર, કોમોઠા આદિ અનેક વિસ્તારમાં કથા પારાયણો-રાસોત્સવ-પ્રભાતફેરી આદિ અનેક મોટા ઉત્સવો કરી હરિભક્તોને ખૂબ રાજી કર્યા.

આવનારા સમયમાં નવી મુંબઈ ૪ થી ૫ નવા સત્સંગના સ્થાનો તૈયાર થશે, અને સત્સંગનો વિશેષ ફેલાવો થશે. વર્તામન સમયમાં એક વર્ષ દરમિયાન થાણા સત્સંગ ભવનના મહંતપદે સ્વામી શાંતિપ્રિયદાસજી રહેશે. તેમની સાથે સ્વામી દેવનંદનદાસજી તેમજ સ્વામી નિર્ભયજીવનદાસજી રહેશે. અને નવી મુંબઈના સત્સંગની જવાબદારી સંભાળશે જેની સર્વે હરિભક્તોએ નોંધ લેવી.

અહેવાલ - પુરાણી સ્વામી પરમહંસદાસજી

**-: જાહેર સૂચના :-**

**ભાદરવા સુદ-૧૨ દિનાંક ૧૧/૯/૨૦૨૪ રવિવારે વામન જયંતી છે. આરતી આજે મધ્યાહ્ને કરવી પણ ઉપવાસ આખો દિવસ કરવાનો છે. બે ઉપવાસ કરવાના હોવાથી કોઇ ન કરી શકે તો એકાદશીના દિવસે ફળાહાર કરી લેવું પણ બારસના દિવસે ઉપવાસ કરવો.**

**અંજાર મંદિરે હીંડોળા ઉત્સવ સાથે ગોવર્ધન ધારી શ્રીકૃષ્ણ ભગવાન વ્રજવાસીઓની રક્ષા કરી રહ્યા છે આવી કલાકૃતિ સભર પ્રદર્શન આપ દિનાંક – ૨૦/૮/૨૪ સુધી નિહાળી શકશો.**

**ભુજ પ્રસાદી મંદિરે – હીંડોળા ઉત્સવ સાથે શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ પ્રદર્શનનાં દર્શન કરી બાળકો વર્ષો પહેલા જે પરંપરાથી સનાતન ધર્મનાં શાસ્ત્રોનું જ્ઞાન મેળવતા એમની ઝાંખી થશે. અવશ્ય પધારો. દર્શન દિનાંક – ૨૦/૮/૨૦૨૪ સુધી થશે.**

**(૧) અંજાર**

સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજીનું મંડળ :- જેઠ સુદ-૫, તા.૧૧/૬/૨૦૨૪ મંગળવાર

★- અંજાર મંદિર શ્રીઘનશ્યામ મહારાજની સેવા પૂજા તથા તે વિસ્તારમાં સત્સંગ વિચરણ, કથાવાર્તા, ઉત્સવો પારાયણો ઉજવણી. ★યુ.કે. દ્વિતીય સત્સંગ પ્રવાસ (ડિસેમ્બર). લંડન, કેન્ટન-હેરો અને સ્ટેનમોર મંદિરના પાટોત્સવ પ્રસંગે યુ.કે.માં સત્સંગવિચરણ. ★શ્રી સહજાનંદ ગુરુકુલનું સંચાલન કરવું.

કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી મોબાઇલ-૯૮૭૯૫૨૨૪૯૫

## સ્થાનિકે સંતોની ક્રિયાની નામાવલી

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની સ્થાનિક સેવાની પૂજ્ય મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં દિનાંક ૨૨/૬/૨૦૨૪ ના રોજ નીચે પ્રમાણે સ્થાનિક સેવા સોંપવામાં આવી છે. જે એક વરસ માટે સેવા કરશે.

★ માર્ગદર્શક સંતો :-
ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવનદાસજી
સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી

★ મુખ્ય કોઠારી :-
-શા.સ્વામી નારાયણમુનિદાસજી

★ સહ કોઠારી :-
-પુરાણી સ્વામી શાંતિસ્વરૂપદાસજી

★ ઉપકોઠારી :-
સ્વામી ધર્મજીવનદાસજી
સ્વામી મુનીશ્વરદાસજી
સ્વામી વિજ્ઞાનદાસજી

★ શ્રી નરનારાયણદેવ સાહિત્ય કેન્દ્ર :-
સ્વામી ભક્તિપ્રકાશદાસજી

★ ભોજનાલય :- સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી

★ પાકશાળા :-
સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી
કો.શા.સ્વામી નારાયણમુનિદાસજી

★ દુધ તથા છાશ :-
પુરાણી સ્વામી નંદકિશોરદાસજી
પુરાણી સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી

★ સંતોનો ભંડાર :-
સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી

સ્વામી શ્રીવલ્લભદાસજીદાસજી
સ્વામી દેવપ્રસાદદાસજી
★ સહજાનંદ બાગ(લેર) અને નરનારાયણ દેવ બાગ (રેલડી)વાડી :-
સ્વામી જગજીવનદાસજી
સ્વામી બ્રહ્મવિહારીદાસજી
★ ફૂલવાડી અને રાવલવાડી :-
સ્વામી હરિસેવકદાસજી
સ્વામી વાસુદેવપ્રસાદદાસજી
★ ફૂલસેવા :-
સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી
સ્વામી જ્ઞાનપ્રિયદાસજી
★ લાઈટ :- સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી
★ વોટર સપ્લાય :-
સ્વામી ઘનશ્યામચરણદાસજી
★ સ્મૃતિ મંદિર :-
સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી
સ્વામી ધર્મવિહારીદાસજી
★ સોનાના હિંડોળાની સેવા :- પૂજારી સંતોનું મંડળ તથા સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી
★ અન્ય હિંડોળાની સેવા :-
સ્વામી ભક્તિપ્રકાશદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી
સ્વામી શ્રીવલ્લભદાસજી

# સત્સંગ સમાચાર - વિદેશ

## યુ.કે. (લંડન) માં ભવ્ય રથયાત્રા મહોત્સવ

કચ્છના હરિભક્તો વર્ષોથી મોટી સંખ્યામાં લંડનમાં રહે છે. સર્વે હરિભક્તો અને લંડનના દરેક મંદિરો સાથે મળીને દર વર્ષે અષાઢી બીજ નિમિત્તે ભવ્ય રથયાત્રાનું આયોજન કરે છે. દર વર્ષની જેમ આ વર્ષે બહુ જ મોટા પ્રમાણમાં અષાઢી બીજની ઉજવણી નિમિત્તે રથયાત્રાનું ભવ્ય આયોજન કરેલું. અષાઢી બીજ રથયાત્રા નિમિત્તે લંડન કેન્ટન હેરો શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી, બળદેવજીનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં અનેક ભક્તોએ પૂજનનો લાભ લીધો. ત્યારબાદ બે રથ તૈયાર કરેલા બહેનો અને ભાઈઓ માટે અલગ અલગ રથની વ્યવસ્થા હતી. બે સ્વરૂપે એ બંને રથમાં ભગવાન બિરાજ્યા. ભુજ મંદિરેથી પધારેલા સંતો શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, ડો.સ્વામી શુકમુનિદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, પુરાણી સ્વામી નૌતમમુનિદાસજી, પુરાણી સ્વામી તીર્થમુનિદાસજી હાજર રહ્યા હતા.

સંતોએ રથમાં બિરાજેલા ભગવાન જગન્નાથજીનું પૂજન કર્યું. સંતો સાથે વિશિષ્ટ મહાનુભાવોમાં હેરો વિસ્તારના અનેક કાઉન્સિલરો, એમ.એલ.એ. અને એમ.પી. સુધીના રાજકીય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. શુભ શરૂઆતમાં એ રાજકીય મહાનુભાવો અનેક સમાજના અગ્રણી મહાનુભાવો, દરેક મંદિરોના અગ્રણી મહાનુભાવો સૌ સાથે મળી પૂજન કરી રથયાત્રાનો શુભ પ્રારંભ કરાવ્યો.





આ રથયાત્રા સૌ ભક્તોને દોરડાથી ખેંચવાની સેવા કરવાની હતી. ત્રણ કિલોમીટર લાંબી

આ રથયાત્રાની વ્યવસ્થા મંદિરના સ્વંયસેવકો સાથે શહેરની ટ્રાફિક પોલીસનો બહુજ સારો સહયોગ હતો. ડોકટર, એમ્બ્યુલન્સ, મેડિકલ વાહનો પણ સાથે હતા. ઠેર ઠેર વોલીન્ટરો પાણી પીવડાવવાની સેવા કરતા હતા તો પોલીસ પણ એના સાધનો અને ગાડીઓ સાથે આ શોભાયાત્રાની પેટ્રોલિંગ સેવા કરતી હતી. શિસ્તબદ્ધ રીતે શાંતિથી આ શોભાયાત્રા હેરોના રાજમાર્ગો ઉપર સૌને દર્શન આપતાં સંગીતના તાલે ઢોલના તાલે ધૂન અને કીર્તન કરતા હતા.

સૌથી પ્રથમ ઢોલ બેન્ડવાજા ત્યારપછી મંડળી ત્યારપછી સૌ હરિભક્તો ત્યારપછી સંતો ત્યારપછી રથને ખેંચવાવાળા આ રીતનો ક્રમ હતો. ત્યારબાદ બહેનોની રથયાત્રા હતી એ પણ એવીજ રીતે



બહેનો પણ સારી એવી માત્રામાં સંગીતના સાધનોના માધ્યમથી પોતાની સેવા આપી રહ્યા હતા. ઢોલ, ઓર્ગન વિગેર સંગીતથી ધૂન અને કીર્તન સાથે બહેનોની શોભાયાત્રા સાથે સાથે ચાલતી હતી. બે હજારથી વધારે સંખ્યામાં બહેનો પણ હેરો મંદિરથી સ્ટેનમોર સુધીની આ રથયાત્રામાં જોડાયા હતા.

આકાશી વાતાવરણમો માહોલ બહુજ અનુકૂળ હતો. મંદિરના વિશાળ પ્રાંગણમાં ભગવાન રથ ઉપરથી ઉતરીને સંતોના ખંભે બિરાજમાન થઈને વિશાળ સ્ટેજ ઉપર પધાર્યા. સ્ટેજ ઉપર ઠાકોરજીનું પુષ્પોથી ખૂબજ ભાવપૂજન થયું. આશરે ચાર હજાર જેટલા નગરજનો, રાજકીય મહાનુભાવો, સામાજિક અગ્રણીઓ, દરેક મંદિરોના અગ્રણીઓ સૌ સાથે મળી સંતો સાથે રહીને જગન્નાથજી ભગવાનની રથયાત્રા પૂર્ણ નિમિત્તે આરતી કરી, પુષ્પ અર્પણ કર્યા હતાં.

આ અવસરે ભુજ મંદિરના સંત શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આશીર્વાદ આપતાં જગન્નાથપુરીની રથયાત્રા, અમદાવાદની રથયાત્રા અને ભુજની રથયાત્રાને યાદ કરી હતી.

કચ્છી નવું વર્ષ વચનામૃત પ્રમાણે પણ નવું વર્ષ. આ નવા વર્ષની સૌ કચ્છી ભક્તોને ખૂબ ખૂબ વધાઈ આપી શુભકામના સાથે અંતના આશીર્વાદ પાઠવ્યા.

આ રીતે લંડનના માર્ગો પર ભગવાન જગન્નાથજી સૌને અષાઢી બીજ નિમિત્તે દર્શન આપ્યાં. રથયાત્રા પૂર્ણ થતાં સર્વે હરિભક્તો સ્ટેનમોર મંદિરે ભગવાનનો પ્રસાદ લઈ પોતાના સ્થાન તરફ ગયા. આ ભવ્ય ઉત્સવ પૂર્ણ થયો.

અહેવાલ - મંત્રીશ્રી રિકીનભાઈ કેરાઈ

## શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઇસ્ટ લંડન

તા.૩૦/૬/૨૦૨૪ રવિવાર સાંજે ૫.ભ. સુંદરબેન દેવશીભાઈ વેકરીયાના જન્મદિન નિમિત્તે તેમજ નાણંદ પ્રેમબાઈ નારાણ વેકરીયા એમ પરિવાર તરફથી ઠાકરથાળી ઉત્સવનું આયોજન કરેલ.

તા.૭/૭/૨૦૨૪ રવિવાર શ્રીસ્વામિનારાયણ મંદિર સુખપર-જુનાવાસનાં સાં.યો. કુંવરબાઈ ગાંગજી ભુડિયા ઉંમર-૮૭ ધામમાં ગયા એ નિમિત્તે મંદિરે પ્રાર્થનાસભાનું આયોજન કરેલ. મોટા બાઈ વર્ષો લગી સત્સંગની સેવા કરેલ, મહારાજ તેમને ધામમાં ચરણકમળનું સુખ આપે એવી પ્રાર્થના કરેલ.

## શ્રીસ્વામિનારાયણ લીગ કપ - SLC

તા.૧૩/૭/૨૦૨૪ આ સમયે શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડનને આયોજન કરવાનો અવસર આવેલ. સર્વે U.K. દેશનાં કચ્છ પ્રાંતના આઠે મંદિરો દર વર્ષની માફક યુવક-યુવતી, ૧૧૦૦-૧૨૦૦ આ ખેલમાં ભાગ લીધેલ. વિધ-વિધ રમતો રાઉન્ડઅપ-બેટબોલ, ફૂટબોલ, ખો-ખો, આંગનવાડી બાળકો રમત





ગમતમાં ભાગ ભજવેલ. સવારથી નાસ્તો, બપોરે ભોજન, સાંજે આઇસક્રીમ-ફ્રુટ-તરબૂચ-કેળા-દાબેલીથી સર્વને ખુશ કરેલ.

આ સમય મુખ્ય કપ શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ કેન્ટન-હેરોનાં યુવકો બાજુ મળેલ, યુવતી બાજુનો બોલ્ટન મંદિરને ગયેલ. નિયોજિત સમયે પૂ.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતો પધારી સર્વને પ્રોત્સાહિત અને ઉત્સાહિત કરેલ. રમત-ગમત આયોજિત યુવકો-યુવતીઓએ આ ઉત્સવને શોભાવેલ હતો.

## શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નાઇરોબી આયોજિત શ્રીઘનશ્યામ મહોત્સવ

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નાઇરોબી આયોજિત શ્રીઘનશ્યામ મહોત્સવની ભવ્ય ઉજવણી તા.૧૯ થી ૨૬-૧૨-૨૦૨૪ દરમિયાન યોજાશે. આ શુભ પ્રસંગ સાથે આપણા મંદિરનો મૂળ સ્થાપનાને ૮૦ મા પાટોત્સવ તેમજ નવા મંદિરનો ૨૫ મો પાટોત્સવ તથા આ ઉજવણીની ભવ્યતામાં ઉમેરો કરશે. શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિમય સપ્તાહભરની ઉજવણીમાં આવવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

મંત્રીશ્રી ભીખાલાલ ગોરસીયા

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## (કચ્છ લીલા)

લેખક :- સાધુ સંતસ્વરૂપદાસજી

### ભુજમાં અન્નકૂટોત્સવ

બાળ મિત્રો! જયશ્રી સ્વામિનારાયણ !

શ્રીહરિ કચ્છ દેશમાં વિચરણ કરી ભુજનગર પધાર્યા. મહારાજને આવતા જાણી નગરના સર્વે ભક્તો વજિંત્ર વગડાવતાં ને કિર્તન ગતા સન્મુખ આવ્યા. શ્રીહરિને માર્ગમાં આવતા જોઇને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિએ પણ તે ભક્તોનું યથા યોગ્ય સન્માન કરી રુડા વચને કરીને બોલાવ્યા, કેટલાક ભક્તોને પોતાની પ્રસાદીના પુષ્પહાર આપીને સુખ પમાડ્યા. આવી રીતે ભક્તજનોને આનંદ આપતા થકા વાજતે ગાજતે હરિભક્તોની સાથે ભુજનગરમાં પધાર્યા.

ભુજનગરમાં ફરીને લાધીબાઇને ઘેર પધાર્યા. લાધીબાઇએ શ્રહરિને પોતાના ભાઇના ઘરની મેડી ઉપર ઉત્તારો અપાવ્યો. સંતો-ભક્તોને પણ યથા યોગ્ય ઉતારા કરાવ્યા. પછી લાધીબાએ શ્રીહરિને સુંદર ભોજન કરીને જમાડ્યા, ને સંતો, ભક્તોને પણ જમાડ્યા.

બાદ વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું. સભા મધ્યે બિરાજમાન એવા શ્રીહરિને લાધીબાએ પોતાની મર્યાદામાં રહ્યાં થકા દૂરથી હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા : “હે મહારાજ ! આ વર્ષે દીવાળી અને અન્નકૂટનો મહોત્સવ અમારે ઘેર કરો ને કચ્છ દેશના તથા ગુજરાત, સોરઠ, ઝાલાવાડ, હાલાર આદિ દેશોના હરિભક્તોને બોલાવીને અમને તેમનાં દર્શન કરાવો.” લાધીબાની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ કહ્યું : “તમો તો સાંખ્યયોગી છો. માટે તમારા ભાઇ શિવરામ મહેતા તથા હરજીવનને પૂછો. તેઓ રાજી થઇ સહયોગ આપે તો ઉત્સવ કરીએ.”

લાધીબા પોતાના બન્ને ભાઇ પાસે જઇને વાત કરી : “ભાઇ ! આપણે મહા ભાગ્યાશાળી

છીએ, શામાટે જે, સર્વાંતર્યામી એવા સહજાનંદ સ્વામી મળ્યા છે. અક્ષરધામ, શ્વેતદ્વીપ, આદિધામના મુક્ત પણ મનુષ્યસ્વરૂપ ધારણ કરીને શ્રીહરિ સંગાથે વિચરે છે, તેમનાં દર્શન કરવાં તથા વાર્તા સાંભળવાનો યોગ આપણને મળ્યો છે. માટે આપણા જેવાં તો કોઈનાં મોટાં ભાગ્ય ન જ કહેવાય, આપણે તો છતે દેહે અક્ષરધામમાં બેઠા છીએ. માટે આજે સર્વોપરી સહજાનંદ સ્વામી તેમને અર્થે શું ન થાય ? જેટલું થાય તેટલું ઓછું છે માટે આ વર્ષે મહારાજને આપણે ત્યાં અન્નકૂટનો મહોત્સવ કરવાની પ્રાર્થના કરીએ.''

એવી રીતે બે ભાઈ અને બહેન લાધીબા વિચારીને શ્રીહરિ પાસે આવ્યા. નમસ્કાર કરી શ્રીજીમહારાજ પાસે અન્નકૂટોત્સવ કરવાની પ્રાર્થના કરી. એમનો ભક્તિભાવ જોઈ, શ્રીહરિ કહે : ''બહુ સારું, અન્નકૂટને એક મહિનો બાકી છે. માટે કરો તૈયારી ને અમે દેશાંતરના હરિભક્તો ઉપર કંકોત્રીઓ લખાવીએ.'' પછી બે ભાઈ તથા બહેન તૈયાર કરવા લાગી ગયા. એજ સમય શ્રીહરિની પ્રેરણાથી ભુજનગરના સર્વે હરિભક્તો લાધીબાની પાસે આવ્યાં ને લાધીબા તથા બન્ને ભાઈ પ્રત્યે હરિભક્તો તથા બહેનો કહેવા લાગ્યાં : ''તમો અન્નકૂટનો ઉત્સવ કરાવો છો, આ જાણી અમોને ખૂબ આનંદ થયો. અમે પણ એ ઉત્સવની સેવા કરવા આવ્યા છીએ, '' તે વાત સાંભળીને લાધીબા બહુ રાજી થયાં ને સર્વે મળી તૈયારી કરવા લાગી ગયા.

પ્રથમ શ્રીહરિ સર્વે સામગ્રીઓ મંગાવી. પછી શિવરામ મહેતા, હરજીવન, જેઠી ગંગારામ આદિ હરિભક્તો પાસે સુંદર બે પાકશાળાઓ તૈયાર કરાવી, અને લાધીબાએ પોતાનાં બહેન ભાગબાઈ તથા સુતાર સેજીબાઈ, હરબાઈ, આદિક બાઈઓને ઘઉં દળાવવા, વગેરે સેવા સોંપી. ને બીજાં કેટલાંક બહેનો સેવો, પાપડ, પક્કવાન આદિક કરવા લાગ્યા છે. એવી રીતે જ્યારે સર્વે બાઈ-ભાઈ સહુ શ્રીજી મહારાજને સંભારીને પોતપોતાની ક્રિયામાં લાગી ગયાં. સેવાની સાથે બહેના ઊંચે સ્વરે કરીને કીર્તનો ગાતાં હતાં.

આ બાજુ શ્રીહરિએ પણ કચ્છ દેશ, ગુજરાત, સોરઠ, ઝાલાવાડ આદિ ગામ, શહેર આદિક સર્વે સ્થળે રહેતા ભક્તજનો ઉપર કંકોત્રી લખાવી : 'લી. ૧૦૦૮ શ્રી સ્વામી સહજાનંદજી મહારાજના સર્વે બાઈભાઈને અમારા જય સ્વામિનારાયણ વાંચજ્યો. વિશેષ લખવાનું કે સંવત્ ૧૮૬૨ ના કાર્તિક સુદ ૧ ને દિવસ ભુજનગરમાં અન્નકોટનો ઉત્સવ છે. ઉત્સવનો લાહ્વો લેવા સર્વે બાઈભાઈ બાળવૃદ્ધ મળીને જરુર પધારજો. આવી રીતે કંકોત્રી લખાવીને દેશાંતરના ભક્તો ઉપર મોકલાવી. સ્વયં શ્રીહરિ ભુજનગરમાં રહી હરિભક્તોને અતિ આનંદ પમાડતા હતા. સર્વે ભક્તજનો ઉત્સાહથી અન્નકૂટ બનાવવાની સેવા કરતા હતા.

## -: જ્ઞાન સરિતા :-

### -: જ્ઞાનમાળા :-

૧. ભગવાનના અવતારો કયા દેશમાં થયેલા છે ?
(અ) અમેરિકા (બ) ભારત
(ક) પાકિસ્તાન (ડ) ચિન

૨. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ દિવસ.
(અ) શ્રાવણ સુદ ૮ (બ) શ્રાવણ વદ ૭
(ક) શ્રાવણ સુદ ૭ (ડ) શ્રાવણ વદ ૮

૩. શ્રીકૃષ્ણ ભગવાનના પિતાનું નામ ?
(અ) વસુદેવ (બ) અક્રુર
(ક) દેવક (ડ) નંદજી

૪. શ્રીકૃષ્ણ ભગવાનનું જન્મ સ્થાન ?
(અ) અયોધ્યા (બ) કાશી
(ક) છપૈયા (ડ) મથુરા

૫. પંચાજરીની પાંચ વસ્તુનાં નામ ?

(અ) જીરુ, ખાંડ (બ) વરીયાણી

(ક) ધાણા, સોવા (ડ) સૂઠ, ખાંડ

૬. ભગવાન શ્રીકૃષ્ણના પ્રિય આહાર ?

(અ) ઘી (બ) દૂધ

(ક) માખણ (ડ) છાશ

૭. પંપા સરોવર કયા રાજ્યમાં આવેલું છે ?

(અ) મહારાષ્ટ્ર (બ) તામીતનાડુ

(ક) કેરલા (ડ) કર્ણાટક

૮. ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન ?

(અ) કમળ (બ) અશોક સ્થંભ

(ક) અશોક ચક્ર (ડ) તિરંગો

૯. ભારતનું રાષ્ટ્રીય ગાન ?

(અ) સત્યમેવ જયતે (બ) વંદે માતરમ્

(ક) જન ગણ મન (ડ) જયશ્રી રામ

૧૦. ભારતના રાજ્યો ?

(અ) ૨૬ (બ) ૩૦

(ક) ૨૯ (ડ) ૨૮

## -: શબ્દ રચના :-

મિત્રો, શ્રાવણ મહિનામાં ભગવાન શંકરનું વિશેષ પૂજન કરવામાં આવે છે. તો ચાલો આ વખતે નીચે આપેલ શિવ પરિવાર અને શિવ પરિવારને લગતી કેટલીક વસ્તુઓના નામના એક અક્ષર અહીં મુકેલા છે તે આપેલ વાક્ય પરથી પૂર્ણ કરીએ. ?

૧. શિવજીની ઝટ્ટામાં

૨. કાર્તિકજીનું વહાન

૩. મહાદેવજીનું નામ

૪. શિવ પુત્ર

૫. શિવજીનું વહાન

૬. કંઠ માળા

૭. ગણેશજીનું વહાન

૮. શિવ પુત્ર

૯. શિવજીનું આસન

૧૦. શિવજીના કંઠમા

૧૧. પાર્વતીજીનું વહાન

૧૨. વિનાયકની માતા

૧૩. શિવ વાદ્ય

૧૩. શિવજીના ભાલમાં

૧૪. મહાદેવજીનું સ્થાન

૧૫. શિવજીનું આયુધ

૧૬. શિવનું પ્રતિક

૧૭. શિવ પૂજન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ગા | ૐ | ૐ | | ૐ | ૐ | ના | |
| | ૨ | ૐ | ૐ | | ૐ | ૐ | સિં | |
| | ક | | ૐ | | ૐ | | ર્વ | |
| | ર્તિ | | ૐ | | ૐ | | મ | |
| | ઠી | | ૐ | | ૐ | | પું | |
| | દ્રા | | ૐ | | ૐ | | લા | |
| | દ | | ૐ | | ૐ | | શૂ | |
| | ણ | | | ૐ | | | લિં | |
| | ઘાં | | | ૐ | | | પ | |

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઇ ઝીણાભાઇ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજી ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૧- પુષ્પાબેન રતીલાલ દરજી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - રાપર વાળા હાલે-ભુજ

૨૦૧- વિપુલભાઇ વાલજી હાલાઇ દેવોની ધજા ચડાવી તે નિમિત્તે - માંડવી-પીયાવા, હાલે નૈરોબી

૩૦૦- ગોવિંદ મુરજી પિંડોરીયા જન્મ દિવસ(૨૩/૮/૨૦૨૪)નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૫૦૦- અંકિત સામજી વરસાણી ૨૨ માં જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - કોડકી, હાલે- દીલ્હી

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

### ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**પોથીયાત્રા : સં. ૨૦૮૧, ફાગણ વદ ૧૪, શુક્રવાર , તા. ૨૮-૩-૨૦૨૫,**
**કથા પ્રારંભ : સં. ૨૦૮૧, ફાગણ વદ અમાસ, શનિવાર, તા.૨૯-૩-૨૦૨૫**
**કથા સમાપ્તિ સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૭, શુક્રવાર, તા.૪-૪-૨૦૨૫**
**નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર , તા. ૫-૪-૨૦૨૫**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૮-૩-૨૦૨૫ થી તા. ૪-૪-૨૦૨૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-**
**પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.**
**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે.**
**સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય**
**તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮ ટ૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

**: કથા સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ.**
**ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2024/UPTO 31-12-2024



અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના ભાવી આચાર્યના લગ્ન પ્રસંગે સત્કાર સમારંભમાં આશીર્વાદ આપવા પધારેલ ભુજ મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, જાદવજી ભગત આદી સંતો તથા ભુજ મંદિરના ટ્રસ્ટીઓ – અમદાવાદ





વિલ્સડન મંદિરના ૪૯મા વાર્ષિક પાટોત્સવ પારાયણ પ્રસંગે ભુજ મંદિરે સાત દિવસની પારાયણના અંતિમ દિવસે પધારેલ કચ્છના ભક્તોને આશીર્વાદ પાઠવતા પૂજ્ય મહંત સ્વામીશ્રી.









શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર, કેન્ટન હેરો મંદિર દ્વારા આયોજિત લંડનમાં ભવ્ય રથયાત્રા મહોત્સવ – હેરો કેન્ટન યુ. કે.

ભુજ પ્રસાદી મંદિરે ખારેક ઉત્સવનો પ્રસાદ ધર્મસ્થલા, ભેડિયાબેટ, હરદોહી બોર્ડર ઉપર દેશની સેવા કરતા સૈનિકોને પ્રસાદ પહોચાળાયો.

